

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

ડીસેમ્બર - ૨૦૦૭

પંચવાર્ષિક લવાજમ રૂા. ૩૫૦/-




## ઘેરે ચાલી આવ્યા બ્રહ્મમો'લ વાસી રે...

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદથી તેમજ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં સોમનાથથી વલસાડ સુધી તા. ૨૯-૧૧-૦૭ થી ૩-૧૨-૦૭ સુધી યોજાયેલ ભવ્ય 'સર્વદર્શન શાંતિ યાત્રા - ૨૦૦૭'








# શ્રી સ્વામિનારાયણ ચિંતન

વર્ષ :- ૩, અંક :- ૬, તા. ૨૦-૧૨-૦૭

:: સંસ્થાપક ::
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી
આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ
:: અધ્યક્ષ ::
પ.પૂ. ૧૦૮ શ્રી
ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ
:: પ્રયોજક ::
પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રકાશક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર વતી
કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી
:: તંત્રી ::
સાધુ દિવ્યસ્વરૂપદાસજી
:: સંપાદક ::
સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના ઓક્ટોમ્બર માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ -પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

:: લવાજમના દર ::

| | |
|---|---|
| પંચવાર્ષિક | : રૂા. ૩૫૦/- |
| પચીસ વર્ષ લવાજમ | : રૂા. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : $ 130 U.S.A. |
| | : £ 100 U.K. |



:: લવાજમઅંગે ગ્રાહક પત્રવ્યવહાર ::
'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫ ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
www.sardhardham.org
E-mail : amrutdhara2003@yahoo.com


## "વ્હાલા લાગે વાલપના વેણ..."

"...અને અમે જે કોઈને હેત કરીને બોલાવીએ છીએ તે તો તેના જીવના રૂડા સારું બોલાવીએ છીએ અથવા કોઈને હેતે કરીને સામું જોઈએ છીએ અથવા કોઈ સારાં ભોજન કરાવે છે તેને જમીએ છીએ અથવા ઢોલિયો બિછાવી દે છે તે ઉપર બેસીએ છીએ અથવા કોઈ વસ્ત્ર-આભૂષણ તથા પુષ્પના હાર ઈત્યાદિક જે જે પદાર્થ લાવે છે તેને અંગીકાર કરીએ છીએ તે તો તેના જીવના રૂડા વાસ્તે કરીએ છીએ પણ અમારાં સુખને વાસ્તે કરતા નથી..."

- ભગવાન શ્રી સ્વામિનારાયણ : વચનામૃત પ્રથમપ્રકરણ : ૧૮

## :: અનુક્રમણિકા ::


૧ ઘેરે ચાલી આવ્યા બ્રહ્મમો'લ વાસી રે... — ૦૬
- સ્વામી આનંદસ્વરૂપદાસજી - સરધાર (વેદાંતાચાર્ય)

૨ સોમનાથથી વલસાડ સુધી ભવ્ય 'સર્વદર્શન શાંતિ યાત્રા'... — ૧૦

૩ સર્વદર્શન શાંતિ યાત્રાના મુખ્ય ઉદ્દેશો... — ૧૧

૪ સોમનાથથી 'સર્વદર્શન શાંતિ યાત્રા'નો શુભ પ્રારંભ... — ૧૨
- સાધુ અમૃતસ્વરૂપદાસ, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૫ સજની કોડે આનંદ મારે ઘેર, શ્રીજી પધાર્યા રે... — ૧૪

૬ મારે ઘેર આવ્યા રે, સુંદરવર શ્યામળિયો... — ૧૮

૭ વાલો વધાવું મારો વાલો વધાવું, આજની ઘડી રળિયામણી રે... — ૨૨


૮ આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ... — ૨૪

૯ ભગવાન શ્રી સ્વામિનારાયણની નિખાલસતા... — ૨૬
- સાધુ અમૃતસ્વરૂપદાસ તથા પાર્ષદ રાજુભગત - સરધાર

૧૦ સાર્ધ શતાબ્દી મહોત્સવ - પારીખા... — ૩૧
- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી (વડતાલ)

૧૧ સત્સંગ સમાચાર... — ૩૨
- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી તથા સાધુ અમૃતસ્વરૂપદાસ - સરધાર

૧૨ દક્ષિણ ભારત ટ્રેનયાત્રા... — ૩૪



# ઘેરે ચાલી આવ્યા બ્રહ્મમો'લ વાસી રે...

સ્વામી આનંદસ્વરૂપદાસજી - સરધાર (વેદાંતાચાર્ય)

'મારે મંદિર પધાર્યા શ્યામ થઈ બડભાગી;
મારે હરિવર સાથે હેતશું લગની લાગી...૦૧
મારા મનની પુરી હામ કૃતારથ કીધી;
ભવ બુડતાં મારી બાંહ્ય ગ્રહીને લીધી...૦૨
મારા મનમાં વસિયા માવ તાપ સર્વે ટાળ્યા;
મને મગન કરી મહારાજ દુરગપુર ચાલ્યા...૦૩
મને કરવું ન સુજે કામ કહો કેમ કરીએ;
જબ મીલે ન સહજાનંદ ઠામ ક્યાં ઠરીએ...૦૪
એ સુખની શી કહું વાત કહી નથી જાતી;
એ સુખ સંભારતા આજ ફાટે મારી છાતી...૦૫
કહે યોગાનંદ મુનિરાય ભજી લ્યો પ્રીતે;
નહિ આવે જમના દૂત શાસ્ત્રની રીતે...૦૬'

પૃથ્વીના બરાબર મધ્ય ભાગમાં આવેલા મેરુ અને હિમાલયની બાજુમાં આવેલી ભારતભૂમિએ 'ભારતમાતા' કહેવાય છે એનું શું કારણ ? તો તેના જવાબમાં આપણા આર્ષદૃષ્ટા સંતો એવું કહેતા આવે છે કે આ ભારત ભૂમિની ગોદમાં ભગવાનને પણ પોતાના પ્રિય ભક્તોને લાડ લડાવવા અને સુખી કરવા માટે અવતરવાનું મન થઈ આવે છે. અને કોઈપણ માતા-પિતાને નિમિત્ત બનાવી ભારતભૂમિને અસુરાંશનો ભાર ઓછો કરીને પૃથ્વીદેવીને સજ્જન પુરુષોના બાગ જેવી બનાવીને પ્રસન્નતાના પુષ્પોથી મહેકતી કરે છે. એવું આ વિશ્વમાં ભારતભૂમિનું, સંતોને ભક્તોને અને અવતારોને પણ પોતાની ગોદમાં રમાડવાનું આકર્ષણ હોવાથી આપણા મહર્ષિઓએ પણ આ ભૂમિને માતાનું બિરૂદ આપેલું છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે : "...આ જીવને જ્યારે ભરતખંડને વિષે મનુષ્યદેહ આવે છે ત્યારે ભગવાનના અવતાર કાં ભગવાનના સાધુ એ જરૂર વિચરતા હોય, તેની જો એ જીવને ઓળખાણ થાય તો એ જીવ ભગવાનનો ભક્ત થાય છે..."

(વચ. વડતાલ પ્રકરણ : ૧૯)

યોગમૂર્તિ સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીએ પોતાની વાતોમાં કહ્યું છે : "...આચાર્યજી મહારાજ તથા સંત સર્વે જે તે કલ્યાણરૂપ દિગ્વિજય કરવાને અર્થે બ્રહ્માંડમાં વિચરે છે તેમની જે સર્વે ક્રિયા તે નિર્ગુણ છે; કેમ જે તે ક્રિયાને જે જીવ દેખે, સાંભળે ને ચિંતવન કરે ને વળી જે એમના કોઈક ઉપયોગમાં આવે તે સર્વેનું કલ્યાણ થાય છે માટે એ નિર્ગુણ છે..."

ભગવાન શ્રીહરિ જ્યાં નિવાસ કરે તે સ્થાનનું આકર્ષણ પણ કંઈક જુદું જ સર્જાતું હોય છે, તેથી સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી સત્સંગિજીવનમાં વર્ણન કરતા લખે છે :

यत्र यत्रावसत्स्वामी पुरे ग्रामेऽथवा वने ।

तत्र तत्र जना आयन् शतशश्च सहस्त्रशः ॥

ભગવાન શ્રીહરિ જે જે પુર, ગામકે વનમાં જતા અને નિવાસ કરતા ત્યાં સેંકડો અને હજારોની સંખ્યામાં લોકો આવતાં. (શ્રી સત્સંગિજીવન : ૩/૪૬/૨૦)

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી પુરુષોત્તમ પ્રકાશ ગ્રંથમાં શ્રીજીમહારાજના સત્સંગ વિચરણનો મહિમા વર્ણવતા બતાવે છે :

**'વળી શ્રીહરિ હેતે કરી, મોટી કહી માહાત્મ્યની વાત;**
**પવિત્ર છે સ્પર્શે કરી, આ પૃથવી સાક્ષાત.**
**જિયાં જિયાં અમે વિચર્યા, વળી રહ્યા જે જે ગામ;**
**તે જરૂર જન જાણજો, સરવે થયા છે સ્વધામ.**
**તિયાં પ્રાણી કોઈ તન તજે, જાણ્યા વિના એહ જાગ્ય;**
**કહ્યા ન જાય વળી કોઈથી, એવા ઉઘડીયા એના ભાગ્ય.**
**ચરણે અંકિત જે અવનિ, વળી પદની સ્પર્શેલ રજ;**
**તે જોતા ન જડે જાણજો, જેને ઈચ્છે છે ઈશ્વર અજ.'**

❖ ❖ ❖ ❖ ❖

**'પદરજના સ્પર્શ પ્રતાપે રે, જન અભય થાય છે આપે રે;**
**ભવભય હરણી એ રજ રે, થાય નિર્ભય એમાં શું આશ્ચરજ રે.**
**બાગ બગીચા ને ફૂલવાડી રે, વૃક્ષ વેલી વન વળી ઝાડી રે;**
**એહ આદિ જાયગા અપાર રે, જિયાં રહ્યા અમે કરી પ્યાર રે.**
**એ તો સ્થાનક છે તીર્થરૂપ રે, અતિ પવિત્ર જાણો અનુપ રે;**
**એહ સ્થાને મુકે કોઈ દેહ રે, પામે અક્ષરધામને તેહ રે.'**

આ રીતે જેના સંબંધને પામેલી પૃથ્વીના સંબંધથી પણ અગણિત જીવાત્માનો ઉદ્ધાર થાય છે એવા ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના ધામના નિવાસી સંતો (મુક્તો)ને સાથે લાવી આ પૃથ્વી ઉપર કલ્યાણકારી અલૌકિક વિચરણ કરી ગયા. પ્રથમ(વિ.સં. ૧૮૩૭ થી ૧૮૪૯ સુધી) અગિયારેક વર્ષ સુધી ઉત્તરભારતના છપૈયા (કુલ દિવસ : ૧૨૬૧) અને અયોધ્યા (કુલ દિવસ : ૨૮૪૪)ની આસપાસની ધરતીને ખોળે અવતરણ કરીને તેને અતિ ભાગ્યશાળી બનાવી. ત્યારબાદ (વિ.સં. ૧૮૪૯ થી ૧૮૫૭ સુધી) ખુલ્લા શરીરે, ખુલ્લાપગે, ન કોઈ સાધન, ન કોઈ સહારો ! અને ન કોઈ ઉષ્માનો અંગારો, ન કોઈ વૃક્ષની છાયા, ન કોઈ આસનની માયા ! ન કશું અન્ન, ન કોઈ ફળ, માત્ર કૌપીનભર, મૃગચર્મ, શાલીગ્રામ, સર્વશાસ્ત્રોના સારરૂપ ગુટકો, માળા, કમંડળુ પાણી ગાળવાનું વસ્ત્ર વગેરે સાથે લઈને એક કૌપીનભર અને કોઈપણના સાથ-સંગાથ વિના માત્ર વાયુના આહારમાં છ-છ મહિના સુધી માણસનો જ્યાં અવાજ માત્ર ન સંભળાય એવી બર્ફીલી પહાડીઓ પર એકલ પંડે માનસરોવરથી લઈને હિન્દુસ્તાનના પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણના તીર્થસ્થાનો જેવા કે છપૈયા, અયોધ્યા, લોધેશ્વર, જેતપુર, પથેપુર, નૈમિષારણ્ય, સહેજાપુર, બરેલી, હરિદ્વાર, શ્રીપુર, ગુપ્તકાશી, ઉત્તરકાશી, ગુપ્તપ્રયાગ, ગૌરીકુંડ, કેદારનાથ, બદરીનાથ, જોષીમઠ, માનાઘાટી, માનસરોવર, બદરીવન, ગંગ ોત્રી, લક્ષ્મણપુરા, વંશીપુર, કાલાપર્વત, શ્વેતગિરિ, મુક્તિનાથ, પોખરા, બુટોલપુર, કાઠમંડુ, આદિવારાહ, કામાક્ષી, નવલખા પર્વત, બાલવા કુંડ, કપિલાશ્રમ, ગંગાસાગર, નવદ્વિપ, શાંતિપુર, ભુવનેશ્વર, સાક્ષીગોપાલ, જગન્નાથપુરી, આદિકૂર્મ, પન્નાનરસિંહ, વેંકટાદ્રિ, કાંચીપુરમ્ (વિષ્ણુકાંચી), મન્નારગુડી, શ્રીરંગમ્ (ત્રીચીનાપલ્લી), રામેશ્વરમ્, ધનુષ્યકોટિ, દર્ભશયનમ્, સુંદરરાજ(મદુરાઈ), ભૂતપૂરી, નાંગનેરી(તોતાદ્રી), કન્યાકુમારી, પદ્મનાભ(ત્રિવેન્દ્રમ્), જનાર્દન, આદિકેશવ, સાક્ષીગોપાલ(ગુરુવાયર), મેલુકોટે, કિષ્કિંધા(હોંસપેટ), પંઢરપુર, પૂણે, બુરહાનપુર, માલેગાંવ, નાસિક, ત્ર્યંબંકેશ્વર, સુરત, ભરુચ, વડોદરા, બોચાસણ, વડતાલ, ધોલેરા, ભાવનગર, ગુપ્તપ્રયાગ, પ્રભાસપાટણ, જૂનાગઢ, માંગરોળ અને લોજ પર્યંત સમગ્ર ધરતી પર એ વિરલ પરિવ્રાજકના પદારવિંદ ફરી વળ્યા.



આમ, શ્રીજીમહારાજ નીલકંઠ વર્ણીરૂપે ૭ વર્ષ, ૧ માસ, ૧૧ દિવસ(કુલ દિવસ : ૨૬૧૨)માં માત્ર ૧૧ થી ૧૮ વર્ષની કિશોરવયમાં તેઓએ વન-

પર્વતો સહિતના પ્રદેશોને અને ભારત, ચીન, નેપાળ, બાંગ્લાદેશ, ભૂતાન તથા બર્મા સહિત ૭ દેશોને આવરી લેતી આશરે ૧૨,૫૦૦ કિ.મી.નું વિચરણ તીર્થયાત્રાના મિષથી વિચર્યા.

ત્યારપછી (વિ. સં. ૧૮૫૮ થી ૧૮૮૬ સુધી) જેતપુરમાં ધર્મધુરા ગ્રહણ કરીને રાજાધિરાજ રૂપે ગુજરાતમાં સૌરાષ્ટ્ર, કચ્છ, કાઠિયાવાડ, હાલાર, ઝાલાવાડ આદિક અનેક પ્રાંતોમાં યજ્ઞ-ઉત્સવ-સમૈયા-પધરામણી વગેરેના માધ્યમથી દર્શન દાન તેમજ સભામાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિસભર સદ્ઉપદેશથી વચનામૃતની સરવાણી વહાવીને ભક્તજનોના અજ્ઞાનતમને ટાળીને તેમના હૃદયમાં જ્ઞાનરૂપી-વિવેકમય દીપ પ્રગટાવીને એક નવા સત્ત્વમય યુગના પ્રભાતી સૂર્ય તરીકે પ્રખ્યાત થયા.

આથી જ સંતકવિઓએ કહ્યું છે : **'પ્રેમે પ્રગટ્યા રે સૂરજ સહજાનંદ, અધર્મ અંધારું ટાળિયું.'** ભદ્રાવાન શ્રીહરિ સ્વયં પૂર્ણ પુરુષોત્તમનારાયણ હોવા છતાં સ્વેચ્છાથી 'बहुजनहिताय-सर्वजनसुखार्थे' - મનુષ્યભાવનું અનુકરણ બહુધા રાખતા હતા. તેમ છતાં જ્યારે એક સાથે બબ્બે ભક્તો પોતાને ગામ પધારવાનું આમંત્રણ આપે ત્યારે પોતાની પારમેશ્વરી ઐશ્વર્ય-શક્તિથી એકી સાથે બબ્બે સ્વરૂપોનું ધારણ કરીને બંને ભક્તોનો ભાવ પુરો કરતા, 'ક્યારેક પોતાની માણકી ઘોડી જ્યાં લઈ જાય ત્યાં અમો આવીશું' એમકહીને પણ ભક્તોના મનને રાજી કરતાં, ક્યારેક પોતાના સંતો સ.ગુ. શ્રી મુકતાનંદ સ્વામી જેવાને સંતમંડળ સહિત ભક્તોના ગામોમાં મોકલીને તેમને સદ્ઉપદેશાદિથી રાજી કરતાં. એટલું જ નહિ, પરંતુ આ રીતે ગામડે-ગામડે મોકલેલા તે સંતો જ્યારે પોતાના તેડાવવાથી વડતાલ, ગઢડા વગેરે ધામોમાં સમૈયા ઉપર પધારે ત્યારે તેમના ઉપર બહુ રાજીપો દર્શાવતાં, સુખદુઃખના ખબર-અંતર પૂછતા અને પોતાના હસ્તકમળ દ્વારા અનેકવાર પીરસીને તે સંતોને તૃપ્ત કરતાં, છાતીમાં અથવા મસ્તકે ચરણારવિંદ આપતા. આ રીતે સંતો દ્વારા પણ સત્સંગીજનોની ખૂબ જ બરદાસ્ત રાખતા. એટલું જ નહિ, પરંતુ જ્યારે ભક્તજનોને ઓગણોતેરા(વિ.સં. ૧૮૬૯)ના મહાદુષ્કાળ જેવું કષ્ટ આવવાનું હોય ત્યારે પણ પોતે માણકીએ અસ્વાર થઈને ભક્તોના ગામોગામજઈને આગામી દુઃખની ઘટનાથી ચેતાવી દેતા અને પશુઓ ઓછા કરી (વેંચીને) ચાર્ય-પૂળો તથા અનાજનો સંગ્રહ કરવાનું અચૂક જણાવી દેતા. જેમને શ્રીજીમહારાજની આ વાત માનવામાં ન આવે તેવા ભક્તો પાછળથી દુઃખી થયેલાના દાખલા પણ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ઈતિહાસમાં દૃષ્ટિગોચર થાય છે. અને શ્રીજીમહારાજનું વચન પાલન કર્યું તે ખૂબજ સુખી થયેલા છે.

જેમ એક રાજાના રાજ્યમાં એક સિંહનો ખૂબ જ ત્રાસ હતો. તેને દૂર કરવા માટે રાજા સિપાઈના વેશમાં એકાકી ફરતા હતા. સાંજ પડી ગઈ, વરસાદ વરસતો હતો, ઠંડીમાં ધ્રુજતા આ રાજા એક ગામમાં આવે છે અને પૂછતા પૂછતા એ ગામના પટેલ(મુખી)ને ઘેર પહોંચીને સાકળ ખખડાવીને દ્વાર ખોલાવીને પોતે રાજા હોવા છતાં 'હું રાજાનો માણસ છું અને પરોપકારના કાર્ય માટે નીકળ્યો છું' એમ કહે છે ત્યારે પટેલે રાજાને આશરો આપીને પોતાના



**"...જેતપુરમાં ધર્મધુરા ગ્રહણ કરીને રાજાધિરાજ રૂપે ગુજરાતમાં સૌરાષ્ટ્ર, કચ્છ, કાઠિયાવાડ, હાલાર, ઝાલાવાડ આદિક અનેક પ્રાંતોમાં યજ્ઞ-ઉત્સવ-સમૈયા-પધરામણી વગેરેના માધ્યમથી દર્શન દાન તેમજ સભામાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિસભર સદ્ઉપદેશથી વચનામૃતની સરવાણી વહાવીને ભક્તજનોના અજ્ઞાનતમને ટાળીને તેમના હૃદયમાં જ્ઞાનરૂપી-વિવેકમય દીપ પ્રગટાવીને એક નવા સત્ત્વમય યુગના પ્રભાતી સૂર્ય તરીકે પ્રખ્યાત થયા..."**

સાથીના કપડાં પહેરવા આપ્યા. તેમજ ખાવામાં ખોરું થઈ ગયેલું ધાન અને અથાણાંનો બોળો વગેરે આપ્યું. આખી રાત્રિ આરામ કરીને સવારે તે રાજા વિદાય થયો. થોડા વખત પછી રાજાએ પેલા પટેલને રાજદરબારમાં બોલાવ્યો ત્યારે તે પટેલ તો રાજા સામું જોઈને ધ્રુજવા લાગ્યો : "ગઈ કાલે તમે જ મારે ઘેર પધાર્યા હતા." ત્યારે રાજાએ કહ્યું : "હા પટેલ, તમે અમારું સમય સંજોગાનુસાર યથાશક્ય સ્વાગત કર્યું તેથી અમો તમારી ઉપર બહુજ રાજી થયા છીએ, માટે એ ગામતમોને બક્ષીસમાં આપીએ છીએ." રાજાની વાત સાંભળીને પટેલનો શ્વાસ હેઠો બેઠો અને અંતરમાં શાંતિ થઈ. તેમ ભગવાન પણ જ્યારે માનવદેહ ધરીને પ્રગટ થાય છે અથવા પોતાના પયગંબરો-અવતારો કે મુક્તાત્માઓને-મહાપુરુષોને મોકલે છે ત્યારે તેમને યથાર્થ ઓળખવા કઠણ છે તેથી ક્યારેક અપરાધ પણ થઈ જવાની સંભાવના રહે છે. પરંતુ ભગવાન અને મહાન સત્પુરુષો પોતાની સ્વલ્પ પણ કરેલી સેવા-દર્શનાદિને આગળ કરીએ જીવાત્માનું કલ્યાણ જ કરે છે.

તેથી જ સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામીએ ગાયું છે :

**'કરી કરુણા રે સ્વામી સહજાનંદ પધાર્યા અખંડ સુખ આપવા...'**


આ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણે અનેક જીવાત્માનો ઉદ્ધાર કરવા માટે આ પૃથ્વીમાં પધારી માતા-પિતા-ધર્મભક્તિને પુત્રભાવથી લાડ લડાવી સુખિયા કરી દિવ્યગતિ આપ્યા બાદ ગૃહત્યાગ કરી વર્ણિવેશથી નીલકંઠ બ્રહ્મચારી રૂપે સાત સાત વર્ષ સુધી નેપાળમાં આવેલા પુલહાશ્રમાદિ ઉત્તરપ્રદેશ તથા બંગાળ, ઓરિસ્સા વગેરે પૂર્વદેશ તથા તામિલનાડુ, આંધ્રપ્રદેશ, કર્ણાટક, મહારાષ્ટ્ર વગેરે ભારતના દક્ષિણ ભાગમાં તીર્થાટન કરીને પશ્ચિમદેશમાં ગુજરાતમાં પધારીને મનુષ્ય-સહજ લીલાથી ગુરુસેવન કર્યું અને ગુરુના સ્વધામગમન બાદ તેમના સ્થાને બિરાજીને તેમની ધુરાની જવાબદારીનું વહન કરતા થકા સતત ૨૮-૨૯ વર્ષ સુધી આપણા ભારતદેશમાં અને વિશેષ કરીને ગુજરાતમાં જન્મ પામેલાં અને પામનારાં મનુષ્યોના મોક્ષ તથા ઐહિક સુખ શાંતિ માટે તથા કુરિવાજો દૂર કરવા માટે તથા સ્વાશ્રિતોને રાજા-મહારાજાઓ કે સમાજના અસભ્ય વ્યક્તિઓ દ્વારા આવતા દુ:ખોને દૂર કરવા માટે રાત્રિ-દિવસ તત્પર રહેતા હતા. અને તે હેતુને સફળ કરવા માટે લીંબલીના વાઘરી કોમના સગરામભક્ત હોય કે વડોદરાના સમ્રાટ સયાજીરાવ હોય પણ તે જો પોતાને વિષે ભક્તિભાવ ધરાવતા હોય તો તેમને સામે ચાલીને મળવા જતા તેમજ તેમના ઘેર અથવા રાજદરબારમાં પણ પધરામણી કરાવતા. આવા તો 'સર માલ્કમ' જેવા રાજાઓના તેમજ છાણી ગામના વણકર તેજા ભક્ત જેવા કેટલાય ભક્તોના ઉદાહરણો છે.

તેથી જ આપણા નંદસંતોમાં મહાકવિ સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીએ યોગ્ય જ ગાયું છે :

**'ઘેરે ચાલી આવ્યા બ્રહ્મમો'લ વાસી રે,**
**જેને કહે છે અક્ષરાતીત અવિનાશી રે.**
**જુવો જીવ મોહ નિદ્રામાંથી જાગી રે,**
**વરી એને થાઓ અખંડ સોહાગી રે.'**

આ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણ સામે ચાલીને આજે આપણા ઘેર આ ભૂમિપર પધાર્યા છે. હાલના સમયે પણ શ્રીજીમહારાજે સ્થાપિત ધર્મની ધુરાને વહન કરનારા દક્ષિણ વિભાગ શ્રી લક્ષ્મીનારાયણદેવ દેશ વડતાલ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞા મુજબ તેમજ પોતાના પરદાદા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના શુભ-શાંતિ અને ભક્તજનપોષક - સર્વહિતાવહ ક્રાંતિકારી સંદેશને ગામડે ગામડે અને ઘેર ઘેર પહોંચાડવા માટે પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી શ્રીજીમહારાજની માફક અથાગ પરિશ્રમકરીને તેમજ પોતાની આગવી સૂઝથી સંપ્રદાયના અગ્રગણ્ય વડીલ સંતોને પણ યોગ્ય માર્ગદર્શન આપીને તેમની સાથે 'તારે વીંટ્યો જેમ ચંદ'ની માફક તાજેતરમાં યોજાયેલ 'સર્વદર્શન શાંતિયાત્રા'માં એક સામાન્ય રથ જેવી 'બસ યાન'માં બેસીને પણ આપણા ગામેગામઅને ઘેરઘેર પધારે છે એ પણ બ્રહ્મમો'લના વાસી અને માણકીના અસ્વાર શ્રીજીમહારાજના પરોપકારૈકપરાયણ અલૌકિક વિચરણની ઝાંખી કરાવી દે છે...**અસ્તુ**

પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના દર્શનીય-વંદનીય શ્રીચરણોમાં અનેકશ: પ્રણામપુર:સર **જય શ્રી**



વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ




# સોમનાથથી વલસાડ સુધી ભવ્ય 'સર્વદર્શન શાંતિ યાત્રા'...

- સાધુ અમૃતસ્વરૂપદાસ, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

સર્વાવતારી ઈષ્ટદેવ **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી તેમજ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના વડતાલ પીઠાધિપતિ **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના શુભ આશીર્વાદથી તેમજ **પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના દિવ્ય સાંનિધ્યમાં દક્ષિણ વિભાગ શ્રી લક્ષ્મીનારાયણદેવ યુવક મંડળ દ્વારા તા. ૨૯-૧૧-૦૭ થી ૩-૧૨-૦૭ સુધી સોમનાથથી વલસાડ સુધી ભવ્ય **'સર્વદર્શન શાંતિ યાત્રા'**નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ યાત્રામાં પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યાત્રામાં પૂ. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજી-અમરેલી, પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - સરધાર, પૂ. એસ.પી. સ્વામી - ગઢપુર, પૂ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી - બગસરા, પૂ. પુરાણી સ્વામી શ્રીહરિદાસજી - વરજાંગ જાળિયા આદિક વડતાલ, ગઢડા, ધોલેરા, જૂનાગઢ, અમરેલી, બગસરા, સરધાર વગેરે ધામોધામના સંતો અને મુંબઈ, સુરત, અમદાવાદ, વડોદરા, ભરુચ, ગોધરા, રાજકોટ, આણંદ, સાવરકુંડલા, અમરેલી વગેરે વિસ્તારોના અનેક ભાવિક ભક્તોની સાથે ૧૫૦થી વધારે મોટરકાર લઈને સોમનાથથી યાત્રા નીકળી હતી. આ યાત્રા દ્વારા સર્વધર્મ સમન્વય અને સર્વજીવહિતાર્થેના ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્થાપિત સિદ્ધાંત પ્રમાણે સર્વત્ર શાંતિપ્રેરક સંકલ્પ પૂર્વક યાત્રાનો શુભારંભ થયો હતો.

આ યાત્રામાં સોમનાથ, વેરાવળ, માળીયા, કેશોદ, માણાવદર, જૂનાગઢ, વિસાવદર, બગસરા, અમરેલી, સાવરકુંડલા, રાજુલા, મહુવા, ગારીયાધાર, પાલીતાણા, સિહોર, ભાવનગર, વલ્લભીપુર, ગઢડા, બોટાદ, જસદણ, સરધાર, રાજકોટ , કુવાડવા, ચોટીલા, સાયલા, લીંબડી, ધંધુકા, તારાપુર, સોજીત્રા, આણંદ, વડતાલ, નડિયાદ, ઉમરેઠ, ઠાસરા, સેવાલીયા, ગોધરા, પીપલોદ, દાહોદ, લીમખેડા, દેવગઢ બારીયા, ઘોઘંબા, કાલોલ, હાલોલ, નસવાડી, બોડેલી, સંખેડા, સિનોર, રાજપીપળા, ડભોઈ, વાઘોડીયા, સયાજીગંજ, રાવપુરા, વડોદરા, પાદરા, જંબુસર, આમોદ, ભરુચ, અંકલેશ્વર, ઓલપાડ, સુરત, ચોર્યાસી, નવસારી, જલાલપુર, વલસાડ (પારડી) વગેરે શહેરોની સાથે ગુજરાતના ૧૬ જિલ્લામાંથી પસાર થઈ તા. ૩-૧૨-૦૭ના રોજ રાત્રિના ૮-૦૦ કલાકે વલસાડ પહોંચીને પૂર્ણાહુતી કરી હતી.

આ યાત્રાનું ગુજરાતના અનેક શહેરો અને ગામોમાં ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. અને પ્રાસાદિક બાળમુકુંદ સ્વરૂપ ઠાકોરજી સહિત યાત્રાના તેમજ પ.પૂ. લાલજી મહારાજશ્રીના દર્શન-પૂજન માટે ઠેર ઠેર જગ્યાએ હજારો માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. અને સમાજના અગ્રગણ્ય સભ્યજનો દ્વારા તેઓશ્રીનું સ્વાગત પૂજન કરી ધન્યતા અનુભવી હતી.

૧૫૦થી વધારે મોટરકાર સાથે આ વિશાળ પ્રભાવશાળી યાત્રા માર્ગમાંથી દબદબાભેર પસાર થાય ત્યારે અનેરુ વાતાવરણ સર્જાતું હતું. ગુજરાતના શહેરો-શહેર અને ગામો-ગામના આગેવાનોએ તેમજ ભાવિક ભક્તોએ યાત્રાનું તેમજ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગત સન્માન કર્યું હતું. સાથે સાથે રાજકીય આગેવાનોએ પણ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાને અનુસરી આ યાત્રાનું અને પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગતપૂજન કરી પોતાના ભાવ વ્યક્ત કર્યા હતા અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદ મેળવ્યા હતા.

# સર્વદર્શન શાંતિ યાત્રાના મુખ્ય ઉદ્દેશો...



આ **'સર્વદર્શન શાંતિ યાત્રા'**નો મુખ્ય ઉદ્દેશ તો સમગ્ર માનવ સમાજ માટે આવનાર દિવસોમાં સુખ-શાંતિ- સમૃદ્ધિ અને ઉન્નતિના સ્વરૂપે નવયુગનો પ્રારંભ થાય અને ધર્મ-ભક્તિને અનુસરી માનવ સમાજનું કલ્યાણ થાય તેવો રહ્યો હતો.


સાથે સાથે જ્યારે દિવાળીનો ઉત્સવ **સારાય માનવ સમાજમાં સત્ય, જ્ઞાન, ધર્મ-ભક્તિ, અને ભાઈચારાનો પ્રકાશ ફેલાવે છે.** (ઈતિહાસ સાથે એનો સંબંધ જોઈએ તો)આ પ્રસંગ ભગવાન શ્રી રામચંદ્રજી રાવણરૂપી અસત્ય અને અધર્મનો પરાજય કરી અયોધ્યા પધારતા સત્ય અને શાંતિના ઉત્સુક પ્રજાજનોએ તેમનું ઉમળકાભેર કરેલા સ્વાગતનો છે. તેથી જ અમાસની અંધારી રાતને પૂર્ણિમા જેવું મહત્ત્વ આપી દિપોત્સવ દ્વારા પ્રકાશમાન કરવામાં આવે છે. **દિવાળી એ અંધકારનો નાશ એટલે કે અસત્યનો નાશ કરીને સત્યનો પ્રકાશ પાથરીને અસુરોનો વિનાશ કરનારું પર્વ છે.**

તેમજ **અમદાવાદમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનું** અપમાન કરનાર પેશવા સરકારનું રાજ્ય જતા રહેતા ફરી ભગવાન શ્રીહરિ અમદાવાદમાં પધાર્યા અને ત્યાંના ભક્તજનો દ્વારા ઉમળકાભેર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમ**હાલના વિષમ સમયમાં પણ પ.પૂ. ધ.ધુ. આચાર્યજી મહારાજશ્રીના દર્શન માટે જ્યારે હજારો ને લાખો ભક્તો તડપી રહ્યા છે, ત્યારે આ નવલા વર્ષમાં 'આપણને બધાને તેમના વહેલામાં વહેલા દર્શન થાય અને આપણે પણ તેઓશ્રીનું ભવ્ય ઉમંગની સાથે અતિ ઉત્સાહથી અનુપમ સ્વાગત કરી આપણે આંગણે પધરામણી કરાવીએ અને અંતરમાં આનંદ અનુભવીએ'** એવા સહુ કોઈ ભક્તજનોના અંતરમાં તરંગો આંદોલિત થતા હોય છે જ...

આ યાત્રામાં દિવબંદરના હરિભક્ત પ્રેમબાઈને ભગવાન શ્રીહરિએ પ્રસન્ન થઈને બાળસ્વરૂપ લાલજી આપતા તે મૂર્તિના કપાળમાં તિલક-ચાંદલો અને મસ્તક ઉપર અંબોડાની જગ્યાએ છૂટા વાળની લટો બતાવી અને તે બાળસ્વરૂપને પોતાના સ્વરૂપ તરીકે ઓળખ આપી. તે બાળસ્વરૂપ લાલજી અને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય વૈદિક અને સનાતન સંપ્રદાય છે અને તેના સિદ્ધાંતો જીવાત્માના કલ્યાણ માટે સ્થાપિત કરેલા છે તેવા સિદ્ધાંતોને પ્રસ્થાપિત કરવા વડોદરા ગાયકવાડ સયાજીરાવ સરકાર તરફથી મળેલ આમંત્રણને સ્વીકારી અનેક સનાતન સંપ્રદાયોના વિદ્વાનોની ધર્મસભામાં શાસ્ત્રાર્થ કરવા ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞાથી સંપ્રદાયના પ્રતિનિધિ સ્વરૂપે સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામીએ હાજરી આપેલ. તે પ્રસંગે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સિદ્ધાંતોનો દિગ્વિજય કરાવવા તેમજ પોતાની ભગવાન શ્રીહરિ પ્રત્યે રહેલી દાસત્વભાવની અને ભગવાનને સર્વ કર્તાહર્તા જાણવાની સ્વામીની નિષ્ઠાને કારણે શાસ્ત્રાર્થ કરવામાં વિઘ્ન ન આવે તે માટે સ્વામીએ શ્રીજીમહારાજ પાસેથી રક્ષક માગેલ. તે વખતે સ્વયં ભગવાન શ્રીહરિએ રક્ષક તરીકે એક બાળમુકુંદજીનું સ્વસ્વરૂપ આપીને **વરદાન** આપ્યું હતું કે, **આ સ્વરૂપના જમણા પગના અંગુઠાનું પ્રસાદીનું જળપાન કરવાથી મનોરથ પૂર્ણ થશે. તે બાળ સ્વરૂપ લાલજીના દર્શન દક્ષિણ વિભાગના ભક્તજનોને થાય** તે પણ આ યાત્રાનો ઉદ્દેશ રહ્યો હતો.

નવા વર્ષમાં નવચેતનાની સાથે જૂની ભૂલોનું પુનરાવર્તન ન થાય અને આપણે સર્વે વ્યક્તિગત જીવનમાં પણ કામ, ક્રોધ, લોભ આદિક અંતઃશત્રુઓથી સાવધાન રહીએ તેજ રીતે સમાજમાં, દેશમાં, અરાજકતા, ભ્રષ્ટાચાર અને પાપાચારરૂપી બાહ્યશત્રુઓથી પણ આ નવા વર્ષના દિવસોમાં ચેતતા રહીએ. ગુજરાત રાજ્યના આવતા દિવસો માટે ગુજરાતની સ્વપર-હિતપરાણ ભાવિક જનતાને નવા વર્ષની શરૂઆત પણ અનેકાનેક ઉત્સાહ સાથે બળ, સુખ અને સમૃદ્ધિનું પ્રતિક બની રહે તેમજ સર્વેના જીવનમાં ગતવર્ષની રહેલી

અનુસંધાન પેજ - ૨૯ પર...



# સોમનાથથી 'સર્વદર્શન શાંતિ યાત્રા'નો શુભ પ્રારંભ...

## પ્રથમ દિવસ : ૨૯-૧૧-૨૦૦૭, કારતક વદ - ૬

**લેંખન/સંકલન :-** સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી (વડતાલ), સાધુ બાલમુકુંદદાસજી તથા સાધુ અમૃતસ્વરૂપદાસ - સરધાર

**:: સ્વાગત સ્થળો ::**

વેરાવળ, માળિયા(હાટિના), કેશોદ, અગતરાઈ, માણાવદર, જૂનાગઢ, પલાસવા, વિસાવદર, બગસરા, અમરેલી, સાવરકુંડલા

તા. ૨૮-૧૨-૦૭, કારતક વદ - ૫ના રોજ સાંજે ૭.૦૦ કલાકે યાત્રામાં જોડાવનાર દરેક પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો તેમજ હરિભક્તો વેરાવળ મુકામે શ્રી સ્વામિનારાયણ મંદિરે પહોંચી ગયા હતા. મંદિરમાં વિરાજમાન ઠાકોરજીની આરતી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ઉતારી હતી. ત્યારબાદ વેરાવળ સત્સંગ સમાજના આગેવાન ભક્તજનોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીને પુષ્પમાળા અર્પણ કરીને ભાવભર્યું સ્વાગત કર્યું. મંદિરના પટાંગણથી શોભાયાત્રા સ્વરૂપે દરેક યાત્રિક સંતો-ભક્તો તેમજ સ્થાનિક અને વેરાવળ વિસ્તારના હરિભક્તો શ્રી લોહાણા મહાજન વાડીમાં સભાસ્થાને સહુ કોઈ બિરાજ્યા હતા. સભામાં પૂ. સંતો-ભક્તોના મંગલ ઉદ્‌બોધન બાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આ નૂતન નવલા દિવસોમાં વેરાવળ વિસ્તારના સમગ્ર સત્સંગ સમાજના ભક્તજનોને આશીર્વાદ પાઠવ્યા હતા. અંતમાં તમામ યાત્રિકો અને હરિભક્તોએ મહાપ્રસાદ ગ્રહણ કરીને સહુ કોઈએ શયનાર્થે વિશ્રાંતી લીધી હતી.

### યાત્રાનો શુભ પ્રારંભ :

તા. ૨૯-૧૧-૦૭ના રોજ સવારના ૭.૦૦ કલાકે સોમનાથ શ્રી મહાદેવજીની મંગળા આરતીના દર્શન કરી ભગવાન શ્રી સ્વામિનારાયણના જયનાદ સાથે સર્વદર્શન શાંતિ યાત્રાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ યાત્રા રેલીમાં સૌપ્રથમ ગ્રૂપલીડરની ગાડી ત્યારબાદ ભજન-કીર્તન-ધૂનમંડળીનું વાહન અને ત્યારપછી ભક્તજનોએ સુંદર સુશોભિત રીતે શણગારેલી મીની બસમાં બિરાજમાન ઠાકોરજી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પૂ. વડિલ સંતો, ત્યારબાદ ભક્તજનોની એક પછી એક લાઈનમાં ગાડીઓ ચાલવા લાગી હતી. સોમનાથ પછી યાત્રાનું પ્રથમ સ્ટોપ માળિયા હતું. તે સમય દરમ્યાન પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા

સંતો અને યાત્રિક ભક્તજનો પોતપોતાના યાનમાં કીર્તન-ભક્તિ, ધૂન-ભજન, મંત્રજાપ, માળા વગેરેમાં તલ્લીન થયા હતા.

### માળિયા હાટિના :

બરાબર ૯-૦૦ કલાકે માળિયા હાટિના શહેરમાં યાત્રાસંઘે તમામ વાહનો સાથે શહેરના ભાગોળમાં પ્રવેશ કર્યો હતો ત્યારે માળિયાવાસી આબાલવૃદ્ધ સ્ત્રી-પુરુષ સહુ ભક્તજનો આનંદિત થયા હતા. **'મંદિર પધાર્યા સ્વામી રે, સાહેલી મારે...'** વગેરે કીર્તનપદોના મંગળ ધ્વનિ અને જયનાદો નારા સાથે તેમજ ફટાકડાની આતશબાજી અને બેન્ડપાર્ટીના મધુર સુરો સાથે પ.પૂ. લાલજી મહારાજશ્રીનું તથા યાત્રાનું ફૂલડે અને ચોખા વડે વધાવીને માળિયા સત્સંગ સમાજે સ્વાગતપૂજન કર્યું હતું. અહિંયા પ.પૂ. લાલજી મહારાજશ્રીએ દરેક ભક્તજનોને નૂતન વર્ષની મંગળકામનાની સાથે શુભાશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ યાત્રા માળિયાથી વિદાય લઈને માર્ગમાં આવતા અગતરાઈ આદિક ગામોના ભક્તજનોને દર્શન અને પૂજનનો લાભ આપતી કેશોદ આવી પહોંચી હતી.

### કેશોદ :

માળિયાથી વિદાય થઈને યાત્રા સવારના ૧૦.૦૦ કલાકે કેશોદ પહોંચી હતી. અહિં શહેરના મુખ્ય માર્ગ ઉપર પસાર થતી આ વિશાળ યાત્રા જોઈને નગરજનો આશ્ચર્યચકિત થઈ જતા હતા. પ.પૂ. લાલજી મહારાજશ્રીના અને યાત્રાના સ્વાગત માટે પ્રતિક્ષા કરી રહેલા કેશોદના ભાવિક ભક્તજનોએ ખૂબજ હૃદયના સાચા ભાવની સાથે પ્રાસાદિક બાળમુકુંદ સ્વરૂપ લાલજીની આરતી તેમજ પૂજન કરીને પ.પૂ. લાલજી મહારાજશ્રીને પુષ્પમાળા પહેરાવી ઉમેળકાભેર સ્વાગત કર્યું હતું. અહિં બસમાંથી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ તમામ કેશોદવાસી ભક્તજનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

### માણાવદર :

બરાબર ૧૧-૦૦ કલાકે શ્રીજીમહારાજના ચરણારવિંદથી અંકિત થયેલ પવિત્ર ભૂમિ અને સંપ્રદાયના અષ્ટકવિઓમાં જેમના નામનો ઉલ્લેખ છે તેવા સ.ગુ. શ્રી મંજુકેશાનંદ સ્વામી તથા જેમનું શિક્ષાપત્રીમાં નામનો ઉલ્લેખ કરવામાં આવેલ પ.ભ. શ્રી મયારામ ભટ્ટના જન્મસ્થાન એવા માણાવદરને આંગણે યાત્રા પહોંચી હતી. અહિંયા નગરવાસીઓએ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું તથા યાત્રાનું ઉમંગભેર અને ભવ્યતાથી સ્વાગત કર્યું હતું. ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રી અને યાત્રિક સંતો-ભક્તો તેમજ માણાવદર અને માણાવદર વિસ્તારના ભક્તજનો સહુ કોઈ સત્સંગ સભામાં વિરાજમાન થયા હતા. પૂ. સંતોના પ્રાસંગિક ઉદ્બોધન બાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ તમામ ભક્તજનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભા સમાપ્તિ બાદ યાત્રા વંથલીના માર્ગ તરફ આગળ વધી હતી. વંથલીના સ્થાનિક ભક્તજનોએ ભાવપૂર્વક પ.પૂ. લાલજી મહારાજશ્રીનું હારમાળા પહેરાવી સ્વાગત કર્યું હતું. ત્યાંથી યાત્રાએ જૂનાગઢના માર્ગે પ્રયાણ કર્યું હતું.

અનુસંધાન પેજ - ૧૭ પર...









# સજની કોડે આનંદ મારે ઘેર, શ્રીજી પધાર્યા રે...

## બીજો દિવસ : ૩૦-૧૧-૨૦૦૭, કારતક વદ - ૭

**લેંખન/સંકલન :-** સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી (વડતાલ), સાધુ બાલમુકુંદદાસજી તથા સાધુ અમૃતસ્વરૂપદાસ - સરધાર

**:: સ્વાગત સ્થળો ::**

બાઢડા, જાબાળ, દેતડ, થોરડી, આગરીયા, આદસંગ, ધારેશ્વર, રાજુલા, કુંભારીયા, દાતરડી, મહુવા, શાંતિનગર, બીલા, જેસર, હિપાવડલી, જડકલા, ગારીયાધાર, સુખપર, પાલીતાણા, સિહોર, ભાવનગર, વલ્લભીપુર, બોટાદ, ગઢડા

પ્રભાતકાળે ૫-૩૦ કલાકે પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા સર્વે સંતો-ભક્તો યાત્રિકો પૂજાપાઠ-નિત્યવિધિથી પરવારીને તૈયાર થઈ ગયા હતા.

યાત્રા દરમ્યાન યાત્રાના તેમજ પ.પૂ. લાલજી મહારાજશ્રીના દર્શન-પૂજન માટે ઠેર ઠેર જગ્યાએ હજારો માનવ મહેરામણ ઉમટી પડતો હતો. અને સમાજના અગ્રગણ્ય દ્વારા તેઓશ્રીનું સ્વાગત પૂજન કરી ધન્યતા અનુભવતા હતા. ૧૫૦થી વધારે મોટરકાર સાથે આ વિશાળ પ્રભાવશાળી યાત્રા માર્ગમાંથી દબદબાભેર પસાર થાય ત્યારે અનેરુ વાતાવરણ સર્જાતું હતું. શહેરો-શહેર અને ગામો-ગામના આગેવાનોએ તેમજ ભાવિક ભક્તોએ યાત્રાનું તેમજ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગત સન્માન કરતા હતા. સાથે સાથે રાજકીય આગેવાનોએ પણ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાને અનુસરી આ યાત્રાનું અને પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગતપૂજન કરી પોતાના ભાવ વ્યક્ત કર્યા હતા અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદ મેળવતા હતા.

૬-૦૦ કલાકે સાવરકુંડલાથી યાત્રાએ પ્રયાણ કરીને રાજુલાના માર્ગ તરફ પ્રયાણ કર્યું હતુ. આ મુસાફરી દરમ્યાન આવતા વચ્ચે બાઢડા, જાબાળ, દેતડ, થોરડી, આગરીયા, આદસંગ વગેરે ગામોના ભાવિક ભક્તો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રી તેમજ યાત્રાનું ભાવપૂર્વક આરતી ઉતારીને ફૂલમાળા પહેરાવી સ્વાગત કરવામાં આવતું હતું. યાત્રા આગળ આગળ વધતી વધતી રાજુલા શહેરમાં પ્રવેશ કર્યો હતો ત્યારે દારુખાનાના દિગંત વ્યાપી અવાજો અને બેન્ડપાર્ટીના સંગીત સુરાવલીની સાથે **'સજની કોડે આનંદ મારે ઘેર, શ્રીજી પધાર્યા રે...'** કીર્તનપદો રેલાવા લાગ્યા હતા. આ યાત્રાના દર્શન કરીને ગામજનો ઘડીભર આશ્ચર્યચકિત થઈ જતા

હતા. અને સહુ કોઈના નતમસ્તક પ.પૂ. લાલજી મહારાજશ્રીની વંદના કરવા લાગતા હતા. શહેરના મુખ્યમાર્ગ ઉપર પસાર થઈને શોભાયાત્રા નિયતસ્થળે વિરમી હતી. ત્યારબાદ સભાસ્થાનમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ તથા સંતો-ભક્તોએ પોતાનું સ્થાન ગ્રહણ કર્યું હતું. ત્યારબાદ પૂ. સંતો અને અગ્રગણ્ય મહાનુભાવો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું હારમાળા પહેરાવીને સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારપછી પૂ. સંતો-ભક્તોના માંગલિક ઉદ્‌બોધન બાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ રાજુલા તાલુકા વિસ્તારના વિશાળ સંખ્યામાં પધારેલ ભક્તજનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ યાત્રા ત્યાંથી વિદાય થઈને આગળ મહુવાના માર્ગ ઉપર જવા રવાના થઈ હતી.



## મહુવાઃ

રાજુલાથી મહુવાની મુસાફરી દરમ્યાન માર્ગમાં દેવકા, કુંભારીયા, દાતરડી વગેરે ગામોના ભક્તોને દર્શન તેમજ તેમના કરવામાં આવેલ પૂજન-અર્ચનને સ્વીકારતા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું યાત્રા સાથે મહુવા શહેરમાં બરાબર ૧૧-૩૦ કલાકે આગમન થયું હતું. બેન્ડપાર્ટીના સંગીત સુરાવલી અને ફટાકડાની આતશબાજી સાથે તેમજ જયઘોષના નારા અને મહામંત્રના નામની ધૂનની રમઝટ સાથે મહુવાવાસીઓ અને મહુવા વિસ્તારના ભાવિક ભક્તોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું ઉમંગભેર સ્વાગતપૂજન કર્યું હતું. ત્યારબાદ શહેરના મુખ્ય માર્ગ ઉપર પસાર થતી યાત્રા સભાસ્થાનમાં સભા સ્વરૂપે આકાર લીધો હતો. સૌપ્રથમમહુવા મંદિરના પૂ. કોઠારી સ્વામી તેમજ રાજકીય મહાનુભાવો, શહેર અગ્રણીઓ તથા સત્સંગ સમાજના અગ્રગણ્ય ભક્તજનો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું આરતી તેમજ પુષ્પમાળા પહેરાવીને સ્વાગત કર્યું હતું. ત્યારબાદ સૌ કોઈ ભક્તોને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ નૂતન વર્ષના નવલા દિવસોમાં નવા વર્ષની શરૂઆત અનેકાનેક ઉત્સાહ સાથે બળ, સુખ અને સમૃદ્ધિનું પ્રતિક બની રહે તેમજ સર્વેના જીવનમાં ગતવર્ષની રહેલી વિટંબણાઓ, મુંજવણો અને દુઃખ-દારિદ્રતાને દૂર કરી દરેકને સુખીયા કરે એવી ભગવાન શ્રી સ્વામિનારાયણના શ્રીચરણોમાં પ્રાર્થનાની સાથે શુભાશીર્વાદ આપ્યા હતા. ત્યારપછી ત્યાંથી યાત્રા આગળ ધપીને શાંતિનગર, બીલા, જેસર, હિપાવડલી, જડકલા વગેરે ગામોના ભક્તોના ભાવપૂર્વક કરાયેલા સ્વાગતપૂજનને સ્વીકારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી સહિત યાત્રા ગારીયાધારના રાજમાર્ગ ઉપર રવાના થઈ હતી.





## ગારીયાધાર :

બરાબર ૧.૦૦ કલાકે ગારીયાધાર શહેરના મુખ્ય માર્ગ ઉપર પસાર થઈને યાત્રા પૂર્વ નિર્ધારિત સ્થળે પહોંચી હતી. અહિંયા ગારીયાધાર તેમજ વેળાવદર, ક્રાંકચ, મોરબા, વીરડી, ચારોડીયા, ભંડારીયા, ઠાંસા, સારિંગપુર, સાતપડા વગેરે ગામોના ભાવિક ભક્તજનો અને સમાજના અગ્રગણ્ય નાગરિકો, રાજકીય મહાનુભાવો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રી તેમજ યાત્રાનું હારતોરાથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પૂ. સંતોના પ્રાસંગિક ઉદ્‌બોધન પછી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સમગ્ર ગારિયાધાર વિસ્તારના સત્સંગ સમાજને નૂતન વર્ષના રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. અહિંયા ગારિયાધાર સત્સંગ



સમાજના તમામયાત્રિકો તેમજ સ્વાગત-દર્શન અર્થ પધારેલ સમગ્ર ભક્તો માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. યાત્રિકોએ મહાપ્રસાદ ગ્રહણ કરીને પાલીતાણા તરફ માર્ગ લીધો હતો.

### પાલીતાણા :

પરવડી, સુખપર વગેરે ગામોના ભક્તજનો દ્વારા કરાયેલ યાત્રા તેમજ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગતપૂજન સ્વીકારીને બરાબર ૪.૦૦ કલાકે યાત્રા પાલીતાણા મુકામે પહોંચી હતી. શહેરના મેઈન ચોકથી ઠાકોરજી સહિત પ.પૂ. લાલજી મહારાજશ્રીને સુંદર રથયાનમાં બિરાજમાન કરીને વિશાળ સંખ્યા ઉપસ્થિત જનમેદની સાથે અને જયઘોષના મંત્રોચ્ચાર તેમજ બેન્ડપાર્ટીના સંગીતમય વાતાવરણ તેમજ ફટાકડાની આતશબાજી સાથે આ શોભાયાત્રા સ્વરૂપે નીકળેલી યાત્રા પાલીતાણા શહેરના મુખ્ય માર્ગો પસાર કરીને શ્રીજીમહારાજના સ્પર્શથી પ્રાસાદિક થયેલા કાળભૈરવ મંદિરે વિરમી હતી. અહિંયા મંદિરના મુખ્ય મહંતશ્રી તથા સત્સંગ સમાજના ભક્તજનો અને રાજકીય મહાનુભાવો, સમાજ અગ્રગણ્ય નાગરિકો તથા વેપારીઓ દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પુષ્પમાળા પહેરાવીને સ્વાગતપૂજન કરવામાં આવ્યું હતું. પાલીતાણાથી યાત્રા પ્રયાણ કરીને ભાવનગર સુધી વચ્ચે વચ્ચે આવતા સણોસરા, સોનગઢ, સિહોર વગેરે ગામોમાં ત્યાંનાં ભક્તો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું ભાવપૂર્વક સ્વાગતપૂજન કરવામાં આવ્યું હતું.

### ભાવનગર :

બરાબર ૬-૩૦ કલાકે ભગવાન શ્રીહરિના નીલકંઠ વર્ણી સ્વરૂપે અને રાજાધિરાજ સ્વરૂપે ચરણઅંકિત પાવન થયેલ ભાવનગરની ભૂમિમાં યાત્રાનો પ્રવેશ થયો હતો. અહિંયા માર્કેટીંગ યાર્ડ પાસે યાત્રા અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના દર્શનની પ્રતિક્ષા કરી રહેલા ભાવનગર અને સમગ્ર ગોહિલવાડ વિસ્તારના ભક્તજનો યાત્રાસંઘ સહિત પ.પૂ. લાલજી મહારાજશ્રીના દર્શન કરીને **'આજ મારું ભાગ્ય સજની, અલબેલો ઘેર આવ્યા રે...'** કીર્તનપદોની સુરાવલી સાથે અતિ આનંદિત થયા હતા. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સૌ ભક્તો દ્વારા હારમાળા અર્પણ કરીને સ્વાગત સત્કાર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સૌ કોઈ ગોહિલવાડવાસીઓને અંતરના રૂડા આશીર્વાદ આપ્યા હતા. ભાવનગરથી યાત્રા વિદાયમાન થઈને વલ્લભીપુર જવા રવાના થઈ હતી.

### વલ્લભીપુર :

આ શાંતિ યાત્રામાં સાથે રહેલા પ્રાસાદિક સ્વરૂપ લાલજી તેમજ પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા સંતો-ભક્તોના દર્શન કરીને સૌ કોઈ દર્શનાર્થીઓને ધન્યતા અને આશ્ચર્યની અનૂભતિ સાથે સૌ કોઈના અંતરમાં એક નવચેતનાની સાથે ઉમંગ ઉમળકાભેર ઉભરાવા લાગતો હતો. સમગ્ર સૃષ્ટિના જીવપ્રાણી માત્રને ત્રણ-ત્રણ ભગવત્સ્વરૂપોના દર્શન આપતી આ યાત્રા ૮-૦૦ કલાકે વલ્લભીપુર પહોંચી હતી. અહિંયાના સત્સંગ સમાજના ભક્તો તેમજ અગ્રગણ્ય રાજકીય મહાનુભાવો અને નાગરિકોનું સ્વાગતપૂજન સ્વીકારીને પ.પૂ. લાલજી મહારાજશ્રી સહિત યાત્રા બોટાદ તરફ ગતિમાન થઈ હતી.

### બોટાદ :

**'રચ્યો હે અખાડો શ્રીબોટાદપુરમે, લીલા અતિ સુખકારી...'**

જ્યાં ભગવાન શ્રી સ્વામિનારાયણે ફાગણ માસનો ફુલદોળનો ઉત્સવ કર્યો હતો અને જેમનું વચનામૃતના પાને પાને નામસંભળાય છે તેવા મહામુક્તરાજ શ્રી દાદાખાચરના જન્મસ્થાન એવા બોટાદ શહેરમાં આ યાત્રાએ ૮-૩૦ કલાકે પ્રવેશ કર્યો હતો ત્યારે દારુખાનાના દિગંતમાં થતા અવાજો સાથે સમગ્ર વાતાવરણ દિપાવલીના માહોલ જેવું શોભી ઉઠ્યું હતું. બોટાદ શહેરમાં રાત્રિ સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર બોટાદ તાલુકા વિસ્તારમાંથી વિશાળ સંખ્યામાં ભક્તજનો એકત્રિત થયા હતા. સમગ્ર સત્સંગ સમાજે તાળીઓના ગડગડાટ સાથે પ.પૂ. લાલજી મહારાજશ્રી અને યાત્રાનું સ્વાગત કર્યું હતું. સભાસ્થાનમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા સંતો-ભક્તોએ પોતાનું સ્થાન ગ્રહણ કર્યું હતું. સૌપ્રથમપૂ. સંતો-ભક્તો તેમજ અગ્રગણ્ય મહાનુભાવો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીને પુષ્પમાળા પહેરાવી ભાવભર્યું સ્વાગતપૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પૂ. સંતો-ભક્તોના પ્રાસંગિક મંગળ શાબ્દિક ઉદ્‌બોધન બાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સમગ્ર બોટાદ વિસ્તારના સત્સંગ સમાજને નૂતન વર્ષના શુભાશીર્વાદ પાઠવ્યા હતા. સત્સંગ સભાની પૂર્ણાહુતિ કરીને યાત્રા ગઢપુરના માર્ગ તરફ જવા ઉતાવળી થઈ હતી.

### ગઢડા :

**'ગઢડું મારું ને હું ગઢડાનો, તે તો કદી નથી મટવાનો'** એમ કહીને જ્યાં શ્રીજીમહારાજ ૨૯ વર્ષ રહ્યા અને વચનામૃતમાં જેને સ્વમુખે 'અક્ષરધામનું મધ્ય' કહ્યું છે તેવા ગઢપુર નગરના ભાગોળે યાત્રા બરાબર ૧૦-૩૦ કલાકે પહોંચી હતી. ગઢપુર મંદિરના મુખ્ય કોઠારી સ્વામી શ્રી ઘનશ્યામવલ્લભદાસજી આદિક અગ્રગણ્ય પૂ. સંતો-ભક્તો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું શ્રી ગોપીનાથજી મહારાજના પ્રાસાદિક હારમાળાથી સ્વાગતપૂજન કરવામાં આવ્યું હતું. **'શેરી ભલી પણ સાંકડી રે, નગર ભલું પણ દૂર રે કેસરીયા, એકવાર ગઢડે પધારજો રે...'** વગેરે કીર્તનપદોના ગાન કરતાં કરતાં સામે આવેલા ગઢપુરવાસીઓ સાથે યાત્રા મંદિરના પટાંગણમાં આવી હતી. સૌ કોઈએ સભાસ્થાનમાં પોતપોતાનું સ્થાન લીધું હતું. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ભક્તજનોને પોતાની દિવ્ય અમૃતવાણી દ્વારા શુભ આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ તમામયાત્રિકોએ મહાપ્રસાદ ગ્રહણ કરીને આજના આનંદની અનુભૂતિ સાથે રાત્રિરોકાણ અહિંયા જ હોવાથી વિશ્રાંતી અત્રે લીધી હતી.

## અનુસંધાન પેજ ૧૩નું ચાલું...

### જૂનાગઢ :

ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્થાપિત શિખરબધ્ધ મંદિર અને શ્રી રાધારમણ દેવની છત્રછાયામાં આવેલ જૂનાગઢ શહેરમાં યાત્રાએ બપોરે ૧૨-૦૦ કલાકે વિરામકર્યો હતો. અહિંના સ્થાનિક પૂ. સંતો તેમજ હરિભક્તોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું હારતોરા અર્પણ કરીને સ્વાગત કર્યું હતું. ત્યારબાદ શહેરના મુખ્ય માર્ગ ઉપરથી પસાર થઈને યાત્રા વિસાવદરના માર્ગ ઉપર ગતિમાન થઈ હતી.

### વિસાવદર :

બરાબર ૧-૦૦ કલાકે યાત્રાએ વિસાવદર શહેરમાં પ્રવેશ કર્યો ત્યારે અહિંયા ભક્તજનો દ્વારા ફટાકડાની આતશબાજી અને બેન્ડપાર્ટીના મધુર સુરોની સાથે યાત્રાનું સ્વાગત કર્યું હતું. શહેરના મુખ્ય માર્ગ ઉપર પસાર થઈને શોભાયાત્રા સ્વરૂપે નિયતસ્થળે યાત્રાની વિશ્રાંતી લીધી હતી. ત્યારબાદ વિસાવદર તાલુકા વિસ્તાર અને વિસાવદરના સ્થાનિક ભક્તોને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ નૂતન વર્ષના નવલા દિવસોમાં રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. અહિંયા ભક્તોએ તમામયાત્રિકો અને સ્વાગતપૂજન માટે પધારેલ તમામભક્તજનોના માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરી હતી. તે મહાપ્રસાદ ગ્રહણ કરીને તૃપ્ત થયા હતા. સૌ કોઈ યાત્રિકો પરવારીને બગસરાના માર્ગે જવા પ્રયાણ કર્યું હતું.

### બગસરા :

સાંજે ૫-૦૦ કલાકે અહિંયા પ્રતિક્ષા કરી રહેલા સ્થાનિક પૂ. સંતો તેમજ ભક્તજનોએ પ.પૂ. લાલજી મહારાજશ્રી અને યાત્રાના દર્શન કરીને આનંદિત થયા હતા. **'પધારો નાથ વાટ જોઈને ઉભી ક્યારની...'** વગેરે કીર્તનપદોના સૂરો સાથે વાતાવરણને ગૂંજતુ કર્યું હતું. પૂ. સ્વામી શ્રી વિવેકસ્વરૂપદાસજી આદિક સંતો અને અગ્રગણ્ય તેમજ આગેવાન રાજકીય મહાનુભાવો અને વેપારીઓએ તેમજ બગસરા વિસ્તારના ભક્તોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પુષ્પમાળા પહેરાવીને ભાવથી સ્વાગતપૂજન કર્યું હતું. ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ બસમાં જ ઉભા ઉભા સહુ ભક્તોને રૂડા આશીર્વાદ આપ્યા હતા. ત્યારપછી શહેરના મુખ્ય માર્ગો ઉપર પસાર થઈને યાત્રા અમરેલીના રસ્તે આગળ ધપી હતી.


### અમરેલી :

સાંજે ૬-૦૦ કલાકે આ યાત્રાની અમરેલી શહેરના જેસીંગપુરા વગેરે વિસ્તારોમાંથી પસાર થઈને પાણી દરવાજા શ્રી સ્વામિનારાયણ મંદિરે યાત્રા વિરમી હતી. અહિંયા પૂ. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજી આદિક સંતો તેમજ રાજકીય મહાનુભાવો અને અમરેલી વિસ્તાર સત્સંગ સમાજના અગ્રગણ્ય ભક્તો દ્વારા યાત્રામાં સાથે રહેલા પ્રાસાદિક સ્વરૂપ લાલજી (શ્રીઠાકોરજી) અને પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પુષ્પગુચ્છ અર્પણ કરીને સ્વાગતપૂજન કર્યું હતું. ત્યારબાદ અમરેલી મંદિરમાં પ્રસ્થાપિત થનાર માણકી ઘોડીએ અસવાર શ્રીજીમહારાજની પ્રતિમાચિત્રનું પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પૂજન-અર્ચન કર્યું હતું. ત્યારપછી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સહુ કોઈ ભક્તજનો ઉપર અમૃતવર્ષા વરસાવી હતી. પછી યાત્રા ત્યાંથી વિદાય થઈને સાવરકુંડલાના માર્ગે આગળ વધવા લાગી હતી. રસ્તામાં વચ્ચે વચ્ચે આવતા ગામોના ભક્તજનો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું ભાવભર્યું સ્વાગત કરવામાં આવતું હતું.

### સાવરકુંડલા :

બરાબર ૭-૦૦ કલાકે યાત્રાનું દબદબાભેર શ્રીજીમહારાજના હજૂરી અંગરક્ષક એવા પાર્ષદ મિયાંજીના જન્મસ્થાન એવા સાવરકુંડલા શહેરમાં આગમન થયું હતું. સાવરકુંડલા વિસ્તારના વિશાળ સંખ્યામાં ઉપસ્થિત થયેલા ભક્તોએ **'હેલી મારે મંદિરીએ મોરાર, પધાર્યા પ્રીતશું...'** વગેરે કીર્તનપદોના ગુંજરાવ સાથે શહેરના મુખ્ય માર્ગ ઉપર શોભાયાત્રા રૂપે યાત્રાને આગળ ધપાવી હતી ત્યારે ફટાકટાની આતશબાજી અને બેન્ડપાર્ટીના સુમધુર સૂરો રેલાવા લાગ્યા હતા. સુંદર અને સુશોભિત રથમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પૂ. વડિલ સંતો બિરાજમાન થયા હતા. મહામંત્રના જયઘોષ અને ધૂનની રમઝટ મચાવતી શોભાયાત્રા આગળ વધીને સભાસ્થાને વિરમી હતી. સભાસ્થાનમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ તથા સંતો-ભક્તોએ પોતાનું સ્થાન ગ્રહણ કર્યું હતું. ત્યારબાદ પૂ. સંતો અને અગ્રગણ્ય મહાનુભાવો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું હારમાળા પહેરાવીને સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારપછી પૂ. સંતો-ભક્તોના માંગલિક ઉદ્‌બોધન બાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સાવરકુંડલા વિસ્તારના વિશાળ સંખ્યામાં પધારેલ ભક્તજનોને આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રીએ જણાવ્યું હતું કે, સમગ્ર માનવ સમાજ માટે આવનાર દિવસોમાં સુખ-શાંતિ- સમૃદ્ધિ અને ઉન્નતિના સ્વરૂપે નવયુગનો પ્રારંભ થાય અને ધર્મ-ભક્તિને અનુસરી માનવ સમાજનું કલ્યાણ થાય, તેવા શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

અંતમાં સહુ કોઈ પધારેલ ભક્તજનો અને યાત્રિકો માટે મહાપ્રસાદની સુંદર વ્યવસ્થા સ્થાનિક સત્સંગ સમાજ દ્વારા કરવામાં આવી હતી. મહાપ્રસાદ ગ્રહણ કરીને યાત્રિકોએ આજ સવારથી લઈને સાંજ સુધીના યાત્રાના સંસ્મરણોને વાગોળતા વાગોળતા વિશ્રાંતી લીધી. આ યાત્રાના પ્રથમદિવસનું રાત્રિરોકાણ સાવરકુંડલા ખાતે રાખવામાં આવ્યું હતું.



# મારે ઘેર આવ્યા રે, સુંદરવર શ્યામળિયો...

## ત્રીજો દિવસ : ૧-૧૧-૨૦૦૭, કારતક વદ - ૮

**લેંખન/સંકલન** :- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી (વડતાલ), સાધુ બાલમુકુંદદાસજી તથા સાધુ અમૃતસ્વરૂપદાસ - સરધાર

**:: સ્વાગત સ્થળો ::**

ઢસા, દામનગર, લાઠી, બાબરા, સરધાર, રાજ સમઢીયાળા, અણિયાળા, રાજકોટ, ચોટીલા, સાયલા, લીંબડી, ધંધુકા, તારાપુર, સોજીત્રા, સુણાવ, પેટલાદ, વિદ્યાનગર, આણંદ, વડતાલ

વહેલા પરોઢિયે તમામયાત્રિકો નિત્ય સ્નાનાદિક પૂજાપાઠમાંથી પરવારીને તૈયાર થઈ ચૂક્યા હતા. પ.પૂ. લાલજી મહારાજશ્રી પણ પ્રાસાદિક બાળસ્વરૂપ લાલજીનો અભિષેક-પૂજન અને પૂજાપાઠ કરીને મંદિરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રી ગોપીનાથજી મહારાજ આદિક દેવોના દર્શનાર્થે પધાર્યા હતા. દેવોના ભાવપૂર્વક દર્શન કરીને ગઢપુરથી વિદાય થયા હતા. રળિયાણા, માલપરા, ઢસા, દામનગર વગેરે ગામોના ભાવિક ભક્તોના સ્વાગતપૂજનને સ્વીકારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા યાત્રા લાઠી પહોંચી હતી.

### લાઠી :

બરાબર ૮-૦૦ કલાકે કવિ કલાપીની નગરી લાઠી શહેરમાં યાત્રા અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સ્વાગતપૂજન માટે ભક્તજનો શહેરના નિયત કરેલા સ્થળે એકઠા થયા હતા. સત્સંગ સમાજના અગ્રગણ્ય ભક્તજનો તેમજ સમાજના આગેવાન વરિષ્ઠ નાગરિકો, વેપારી અને રાજકીય મહાનુભાવો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું ફુલમાળા પહેરાવી સ્વાગતપૂજન કર્યું હતું. ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ શાંતિરથમાં જ ઊભા રહીને સહુ ભક્તજનોને રૂડા આશીર્વાદ આપ્યા હતા. ત્યારબાદ બેન્ડપાર્ટીના ઢોલના તાલ સાથે અને ફટાકડાની આતશબાજી સાથે યાત્રા લાઠી શહેરના મુખ્ય બજારમાં પ્રવેશ કરીને ચાવંડ થઈને બાબરા તરફ પ્રયાણ કર્યું હતું.

### બાબરા :

બાબરા શહેરમાં ભીલા, ભીલડી, ચિત્તલ, કોટડા, વાંકિયા, કરિયાણા વગેરે ગામોના ભક્તજનો પ.પૂ. લાલજી મહારાજશ્રી તેમજ યાત્રાના દર્શન અને સ્વાગત માટે આવી પહોંચ્યા હતા. બરાબર ૯-૦૦ કલાકે યાત્રા બાબરા શહેરમાં આવી પહોંચી, યાત્રાનો પ્રવેશ થયો હતો ત્યારે જયઘોષના નારા સાથે અને **'સુંદર**

**શ્યામળા રે આવો છોગાવાળા છેલ...'** વગેરે કીર્તનપદોથી યાત્રાને વધાવી હતી. અહિંયા પણ સત્સંગ સમાજના અગ્રગણ્ય ભક્તજનો તેમજ સમાજના આગેવાન વરિષ્ઠ નાગરિકો, વેપારી અને રાજકીય મહાનુભાવો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું ફુલમાળા પહેરાવી સ્વાગતપૂજન કર્યું હતું. ત્યાંથી યાત્રા વિદાય થઈને ચરખા, ઉંટવડ, કોટડા(પીઠા), જંગવડ, આટકોટ, વિરનગર, હલેન્ડા થઈને શ્રીજીમહારાજના મહાન પ્રસાદિભૂત તીર્થધામસરધારમાં પહોંચી હતી.

### સરધાર :

૨૦૦ વર્ષ પહેલા જે રીતે શ્રીજીમહારાજનું રાજા તુંગજીત અને વૈરજીતે સરધારમાં પધરામણી કરાવીને ભવ્ય સ્વાગત કર્યું હતું તેની ઝાંખી સાથે આ શાંતિયાત્રા બરાબર ૧૦-૩૦ કલાકે સરધારપુરમાં પહોંચી હતી ત્યારે ફટાકટાની આતશબાજી, બેન્ડપાર્ટીના બ્યુગલના ગુંજરાવ સાથે સ્થાનિક પૂ. સંતો દ્વારા તેમજ સત્સંગ સમાજના અગ્રગણ્ય ભક્તજનો દ્વારા જયનાદ સહિત પ.પૂ. લાલજી મહારાજશ્રીનું ફુલમાળા પહેરાવી સ્વાગતપૂજન કર્યું હતું. ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સભામંડપમાં બિરાજમાન ઠાકોરજીની આરતી ઉતારીને સભામાં સ્થાન લીધું હતું. સૌપ્રથમપૂ. સ્વામીશ્રી તેમજ સાથે રહેલા પૂ. વડિલ સંતો અને સરધાર મંદિરના કોઠારી શ્રી લીંબાભાઈ અને અન્ય આગેવાન ભક્તો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું ભાવપૂર્વક પુષ્પમાળા પહેરાવીને સ્વાગતપૂજન કર્યું હતું. ત્યારબાદ પૂ. સંતો-ભક્તોના મંગળ ઉદ્‌બોધન પછી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સૌકોઈ સરધાર અને તે વિસ્તારના ભક્તજનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. અહિંયા સરધાર શ્રી સ્વા. મંદિર દ્વારા બપોરે તમામયાત્રિકો તેમજ પધારેલ ભક્તજનો માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. મહાપ્રસાદ ગ્રહણ કરીને તમામયાત્રિકોએ પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે એક સમૂહ ફોટો પડાવીને પોતપોતાના વાહનમાં સાબદા તૈયાર થઈને રાજકોટ જવા પ્રયાણ કર્યું હતું.

### રાજકોટ :

સરધારથી નીકળીને રાજ સમઢીયાળા, અણિયાળા વગેરે ગામોના ભક્તોને દર્શન તેમજ આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી યાત્રાની સાથે રાજકોટ સ્થળે બરાબર ૧૨-૩૦ કલાકે આવી પહોંચ્યા હતાં. રાજકોટના ઉત્સાહી એવા નવયુવાનો દ્વારા ફટાકડાની આતશબાજી, બેન્ડપાર્ટીના કલરવ સાથે શ્રીહરિકૃષ્ણ યુવક મંડળના યુવાનોએ મન મુકીને પ.પૂ. લાલજી મહારાજશ્રીના રથ આગળ નાચગાન કરીને પ.પૂ. લાલજી મહારાજશ્રીને રાજી કર્યા હતા. ત્યારબાદ સભાસ્થાનમાં ફૂલોના શણગારથી સુંદર રીતે તૈયાર કરવામાં આવેલ ઉંચા સિંહાસનમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પોતાનું સ્થાન લીધું હતું. ત્યારબાદ રાજકોટ સત્સંગ સમાજના અગ્રગણ્ય ભક્તજનો તેમજ સમાજના આગેવાન વરિષ્ઠ નાગરિકો, વેપારી અને રાજકીય મહાનુભાવો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું ફુલમાળા પહેરાવી સ્વાગતપૂજન કર્યું હતું. ત્યારપછી પૂ. સંતો-ભક્તોના મંગળ ઉદ્‌બોધન પછી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સૌકોઈ સરધાર અને તે રાજકોટ-









ગ્રામિણ વિસ્તારના ભક્તજનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભા સમાપ્તિ કરીને યાત્રા રાજકોટ શહેરના મુખ્ય માર્ગોમાંથી પસાર થતી હતી ત્યારે સૌ કોઈ નગરવાસીઓ સ્થિર થઈને એકીટશે યાત્રાને નિહાળવામાં મશગુલ થઈ જતા હતા. આ રીતે રાજકોટથી વિદાય થયેલી યાત્રા રાજ્યના ધોરી માર્ગ ઉપર લીંબડી તરફ રવાના થઈ હતી.

### લીંબડી :

રાજકોટથી વિદાય થઈને લીંબડી સુધી માર્ગમાં આવતા કુવાડવા, ચોટીલા, ડોળીયા, સાયલા, વસ્તડી, વઢવાણ વગેરે ગામોના ભક્તજનોને દર્શન-આશીર્વાદ આપતા આપતા અને તેમના દ્વારા કરાયેલ ભાવપૂજન સ્વીકારીને પ.પૂ. લાલજી મહારાજશ્રી યાત્રા સાથે લીંબડીના હાઈવે પર મેઈન સર્કલે બરાબર ૬-૦૦ કલાકે આવી પહોંચ્યા હતા. અહિંયા લીંબડીના સત્સંગ સમાજના અગ્રગણ્ય ભક્તજનો તેમજ સમાજના આગેવાન વરિષ્ઠ નાગરિકો, વેપારી અને રાજકીય મહાનુભાવો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું હારમાળા પહેરાવી ભાવપૂર્વક સ્વાગતપૂજન કરાયું હતું. ત્યારબાદ ભક્તજનોને આશીર્વાદ આપીને લીંબડી શહેરના મેઈન માર્ગમાંથી પસાર થઈને ધંધુકા તરફ યાત્રા આગળ વધી હતી.

### ધંધુકા :

બરાબર ૭-૦૦ કલાકે ધંધુકા શહેરમાં યાત્રાનો પ્રવેશ થયો હતો ત્યારે ધંધુકાવાસી અને તે ભાલ દેશ વિસ્તારના ભાવિક ભક્તજનોએ આનંદિત અને ભાવવિભોર થઈને પ.પૂ. લાલજી મહારાજશ્રીનું હૃદયના ભાવ સાથે પુષ્પમાળા પહેરાવી સ્વાગતપૂજન કર્યું હતું.  સમગ્ર સત્સંગ સમાજ ઉપર પ.પૂ. લાલજી મહારાજશ્રી આશીર્વાદરૂપી અમૃતવર્ષા વરસાવીને યાત્રા સાથે તારાપુર તરફ વિદાય થયા હતા.

### તારાપુર :

પીપળી, વટામણ ચોકડી થઈને ૮-૦૦ કલાકે પ.પૂ. લાલજી મહારાજશ્રી યાત્રા સાથે તારાપુરમાં પધાર્યા હતા. અહિં પણ ભાલ દેશ વિસ્તારના અને તારાપુરના ભક્તજનો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગત પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સમગ્ર તારાપુર શહેરના મુખ્ય રોડ ઉપરથી પસાર થઈને યાત્રા સોજીત્રાના માર્ગે પ્રસ્થાન થઈ હતી.

### સોજીત્રા :

બરાબર ૮-૩૦ કલાકે સોજીત્રા ગામના મુખ્ય ચોકમાં યાત્રા સ્ટોપ થઈ હતી. અહિંયા વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ગુર્જર પ્રાંતના ભક્તજનોએ જયઘોષના નારા અને **'મારે મહોલે આવો, હસીને બોલાવા રે રંગભીના...'** વગેરે કીર્તનપદોના વધામણા સાથે સોજીત્રા સત્સંગ સમાજના અગ્રગણ્ય ભક્તજનોએ તેમજ સમાજના આગેવાન વરિષ્ઠ નાગરિકો અને રાજકીય મહાનુભાવો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું હારમાળા પહેરાવી સ્વાગતપૂજન કર્યું હતું. સત્સંગ સમાજને નૂતન વર્ષના નવલા દિવસોમાં રૂડા આશીર્વાદ આપીને પ.પૂ. લાલજી મહારાજશ્રી યાત્રા સાથે આણંદ તરફ ગતિમાન થયા હતા.

### આણંદ :

કરમસદ, વિદ્યાનગર થઈને જ્યાં દ્વેષીઓએ શ્રીજીમહારાજનું કાદવ-કીચડ ઉછાળીને અપમાન કર્યું હતું તેવા શહેર આણંદમાં આજે બરાબર રાત્રે ૯-૦૦ કલાકે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ યાત્રા સાથે આગમન કર્યું હતું. આણંદ શહેરના મુખ્ય માર્ગ પરથી પ.પૂ. લાલજી મહારાજશ્રીને સુંદર લાઈટ ડેકોરેશન યુક્ત બગીમાં વિરાજમાન કરી શોભાયાત્રા સ્વરૂપે યાત્રા શ્રી રોકડીયા હનુમાનજીએ વિરમી હતી. સૌપ્રથમશ્રી હનુમાનજી મહારાજના દર્શન કરીને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ અહિંયાના સ્થાનિક તેમજ આણંદ ચરોતર વિસ્તારના સત્સંગ સમાજ દ્વારા કરવામાં આવેલ વિશાળ સત્સંગ સભામાં પોતાના સ્થાન લીધું હતું. ત્યારબાદ સત્સંગ સમાજના અગ્રગણ્ય ભક્તજનો તેમજ સમાજના આગેવાન વરિષ્ઠ નાગરિકો, વેપારી અને રાજકીય મહાનુભાવોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું ફૂલમાળા પહેરાવી ભાવપૂર્વક સ્વાગતપૂજન કર્યું હતું. ત્યારપછી પૂ. સંતોના પ્રાસંગિક ઉદ્‌બોધન બાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ચરોતર સત્સંગ સમાજને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભા સમાપ્તિ કરીને આણંદથી વિદાય થઈને યાત્રા વડતાલ તરફ રવાના થઈ હતી.

### વડતાલ :

ભગવાન શ્રીહરિએ બ્રહ્માંડમાં એકમાત્ર પોતાનું શ્રીહરિકૃષ્ણ સ્વરૂપ અહિં સ્વહસ્તે પધરાવ્યું છે, ગાદીની સ્થાપના અને શ્રી શિક્ષાપત્રી અહિં લખી છે,  આ ભૂમિશ્રીહરિને અતિવ્હાલી છે, શાસ્ત્રોના પાને આ ધામની રંગોત્સવ જેવી અનેક લીલાઓની વિપુલ સ્મૃતિ છબિઓ અંકાય છે તેવા તીર્થભૂમિવડતાલધામમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ યાત્રા સાથે બરાબર ૧૦-૦૦ કલાકે પ્રવેશ કર્યો હતો. ત્રણ દરવાજા પાસે વડતાલના સરપંચશ્રી રમણભાઈ તેમજ સ્થાનિક પૂ. સંતો તેમજ ભક્તજનો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પુષ્પમાળા પહેરાવીને સ્વાગત કરાયું હતું. ત્યારબાદ સૌકોઈ યાત્રિકો પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે આચાર્યશ્રી નિવાસસ્થાન શ્રી રઘુવીરવાડીએ પધાર્યા હતા. અહિંયા પૂ. મોટાબહેન, પૂ. નાના બહેન, પૂ. નાના લાલજી મહારાજશ્રી તેમજ સમગ્ર ધર્મકુળ પરિવારે યાત્રામાં સાથે રહેલા બાળમુકુંદ સ્વરૂપ બંને લાલજીની આરતી-પૂજન-અર્ચન કરીને પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પણ હારતોરા પહેરાવીને સ્વાગતપૂજન કર્યું હતું. ત્યારપછી તમામયાત્રિકોએ મહાપ્રસાદ ગ્રહણ કરીને વિશ્રાંતી લીધી હતી.

અનુસંધાન પેજ ૧૩નું ચાલું...

વિરમી હતી. પ.પૂ. લાલજી મહારાજશ્રી સભાસ્થાનમાં પધાર્યા હતા ત્યારે દાહોદ જિલ્લાના સત્સંગ સમાજે પુષ્પવૃષ્ટિ કરીને પ.પૂ. લાલજી મહારાજશ્રીને વધાવ્યા હતા. ત્યારબાદ પૂ. સંતોના માંગલિક ઉદ્‌બોધન બાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સહુ ભક્તજનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. અહિંયાના સત્સંગ સમાજના દ્વારા અત્રે પધારેલ તમામયાત્રિકો તેમજ તેમના સ્વાગતપૂજનાર્થે પધારેલ દરેક ભક્તજનોને માટે મહાપ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. હર કોઈ યાત્રિકો મહાપ્રસાદ ગ્રહણ કરીને તત્કાળ આગળના નક્કી થયેલા કાર્યક્રમમુજબ જવા વિદાય થયા હતા.

### ઘોઘંબા :

દરરોજ મુસાફરી દરમ્યાન પ.પૂ. લાલજી મહારાજશ્રી અને સંતો તેમજ દરેક યાત્રિકો પોતપોતાના યાનમાં કીર્તન-ભક્તિ, ધૂન-ભજન, કથા-વાર્તા, માનસીપૂજા, જ્ઞાનગોષ્ઠિ, પ્રશ્નોત્તરી, સમયસર સ્તુતિ, નિત્યનિયમ, સ્વાભાવિક ચેષ્ટા વગેરે ચાલુ રહેતા હતા. સૌ કોઈ યાત્રિકોને પ.પૂ. લાલજી મહારાજશ્રી તેમજ પૂ. સંતો સાથે યાત્રા કરવાનો નિત્ય નિત્ય નવીન ઉમંગ અને ઉત્સાહ વર્તાતો હતો. દાહોદથી ઘોઘંબાની મુસાફરીમાં વચ્ચે આવતા લીમખેડા, દેવગઢબારીયા વગેરે ગામોના ભક્તોના ભાવપૂજનને સ્વીકારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે યાત્રા ૫-૩૦ કલાકે ઘોઘંબા પહોંચી હતી. શહેરના મેઈન રોડથી પસાર થઈને યાત્રા નિયત સ્થળે થોડી ક્ષણો વિરમી હતી. અહીં ઘોઘંબા સત્સંગ સમાજના અગ્રગણ્ય ભક્તજનો તેમજ સમાજના આગેવાન વરિષ્ઠ નાગરિકો, વેપારી અને રાજકીય મહાનુભાવોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું ફુલમાળા પહેરાવી સ્વાગતપૂજન કર્યું હતું. ત્યાંથી યાત્રા વિદાય થઈને કાલોલ જવા સાબદા થયા હતા.

### કાલોલ - હાલોલઃ

બરાબર ૭-૦૦ કલાકે યાત્રા કાલોલ પહોંચી હતી. કાલોલના રાજમાર્ગ ઉપર પ્રતિક્ષા કરી રહેલા ભક્તજનો પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો અને યાત્રિકોના દર્શન કરી આનંદિત થયા હતા. ફટાકડાની આતશબાજી, બેન્ડપાર્ટીની સંગીત સુરાવલી અને **'મારે આજ પ્રિતમઘેર આવ્યા...'** વગેરે કીર્તનપદોના ગાન સાથે યાત્રાની વધામણી કરી હતી. આગેવાન ભક્તજનો તથા રાજકીય મહાનુભાવો, નાગરિકો, વેપારીઓ દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું હારતોરા કરી સ્વાગતપૂજન કર્યું હતું. ભક્તજનોને રૂડા આશીર્વાદ આપી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ યાત્રા સાથે હાલોલ જવા પ્રયાણ કર્યું હતું.

હાલોલ ૭-૩૦ કલાકે પ.પૂ. લાલજી મહારાજશ્રી અને યાત્રા પહોંચતાની સાથે સ્વાગતપૂજન કરવા માટે આવેલા દરેક ભક્તજનોએ જયઘોષના નારાથી વાતાવરણને ભક્તિમય બનાવી દીધું. દરેક ભક્તજનોને સમીપ દર્શન અને ભક્તોના ભાવપૂજનને સ્વીકારી પ.પૂ. લાલજી મહારાજશ્રી યાત્રા સાથે આગળ વધ્યા હતા.

### બોડેલી :

હાલોલથી નીકળી બરાબર ૮-૦૦ કલાકે યાત્રા બોડેલી શહેરની મેઈન ચોકડીએ પહોંચી હતી. અહિંયાના ભાવિક ભક્તો દ્વારા યાત્રામાં સાથે રહેલા ઠાકોરજીની આરતી ઉતારવામાં આવી હતી. ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પણ હારમાળા પહેરાવીને સ્વાગતપૂજન કર્યું હતું. ત્યારપછી સ્વાગત કરવા માટે પધારેલ સહુ સત્સંગ સમાજને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપ્યા હતા. બોડેલીથી યાત્રા વિદાય થઈને સિનોર તરફ જવા આગળ ધપી હતી.

### સિનોર :

બરાબર ૯-૦૦ કલાકે યાત્રાએ સિનોરમાં પ્રવેશ કર્યો હતો. મેઈન રોડ પર શાંતિરથમાં જ સિનોરના ભક્તજનો તેમજ નાગરિકોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગતપૂજન કર્યું હતું. સત્સંગ સમાજને શુભાશીર્વાદ પાઠવી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ યાત્રા સાથે રાજપીપળાનો માર્ગ લીધો હતો.

### રાજપીપળા :

બોડેલીથી સિનોર, સિનોરથી રાજપીપળાની ડ્રાઈવીંગ દરમ્યાન વચ્ચે આવતા ગામોના ભાવિક ભક્તોના ભાવને સ્વીકારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી, પૂ. સંતો અને યાત્રિકો સહુ કોઈ ૧૦-૩૦ કલાકે રાજપીપળા પહોંચ્યા હતા. સત્સંગ સમાજના આગેવાન ભક્તજનો તથા રાજકીય મહાનુભાવો, નાગરિકો, વેપારીઓ દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું હારતોરા કરી સ્વાગતપૂજન થયું હતું. રાજપીપળાના ભક્તોને રૂડા આશીર્વાદ આપીને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આજના દિવસનું અંતિમસ્થાન ડભોઈ તરફ પ્રયાણ કર્યું હતું.

### ડભોઈ :

ડભોઈ પહોંચતા પહોંચતા જ ૧૧-૩૦ વાગી ગયા હતા. તેમછતાં કોઈપણ યાત્રિકોને કે સ્વાગતપૂજન માટે પધારેલ ભક્તજનોના ચહેરા પર નિરાશા જણાતી નહોતી. અતિ ઉમંગ અને દબદબાભેર દારુખાનાના દિગંતના જોરદાર અવાજો સાથે યાત્રાને વધાવી હતી. અહિયા એક વિશાળ પટાંગણમાં ડભોઈ સત્સંગ સમાજે સ્વાગતસભાનું આયોજન કર્યું હતું તેમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી યાત્રિક પૂ. સંતો-ભક્તો સાથે પધાર્યા હતા. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્થાનિક સત્સંગ સમાજના અગ્રગણ્ય ભક્તજનો તેમજ સમાજના આગેવાન વરિષ્ઠ નાગરિકો, વેપારી અને રાજકીય મહાનુભાવોએ ફુલમાળા પહેરાવી સ્વાગતપૂજન કર્યું હતું. ત્યારબાદ પૂ. સંતોના પ્રાસંગિક ઉદ્‌બોધન બાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પોતાની દિવ્ય અમૃતવાણીમાં ભક્તજનોને નૂતન વર્ષની શુભકામના સાથે આશીર્વાદ પાઠવ્યા હતા. આજનું રાત્રિરોકાણ વડોદરા હોવાથી તમામયાત્રિકો સાથે પ.પૂ. લાલજી મહારાજશ્રી વડોદરા તરફ ગતિમાન થયા હતા.



# વાલો વધાવું મારો વાલો વધાવું, આજની ઘડી રળિયામણી રે...

## ચોથો દિવસ : ૨-૧૧-૨૦૦૭, કારતક વદ - ૯

**લેંખન/સંકલન** :- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી (વડતાલ), સાધુ બાલમુકુંદદાસજી તથા સાધુ અમૃતસ્વરૂપદાસ - સરધાર

**:: સ્વાગત સ્થળો ::**

નડિયાદ, ઉમરેઠ, ઠાસરા, સેવાલીયા, ગોધરા, પીપલોદ, દાહોદ, લીમખેડા, દેવગઢ બારીયા, ઘોઘંબા, કાલોલ, હાલોલ, બોડેલી, સિનોર, રાજપીપળા, ડભોઈ

વહેલી સવારે તમામયાત્રિકો પૂજાપાઠ નિત્યવિધિમાંથી પરવારીને તૈયાર થઈ ચૂક્યા હતા. મંગળા આરતી સમયે મંદિરમાં વિરાજમાન શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રી લક્ષ્મીનારાયણ દેવ આદિક દેવોના દર્શન કરીને પરત સૌ કોઈ રઘુવીર વાડીએ પોતપોતાના વાહનમાં આગળ યાત્રાને ધપાવવા ઉત્સાહી થયા હતા. આજે ચોથા દિવસે યાત્રિકોમાં અનેરો ઉમંગ અને ઉત્સાહ જોવા મળતો હતો. ત્રણ દિવસ સતત મુસાફરી હોવા છતાં ચેહરા પર કોઈ થકાન કે નિરાશા અનુભવાતી નહોતી. પ.પૂ. લાલજી મહારાજશ્રી પણ ઠાકોરજી સાથે પોતાના શાંતિરથમાં બિરાજમાન થઈ ચૂક્યા હતા. કાર્યકર્તા પૂ. સંતોએ સુવ્યવસ્થિત રીતે મોટરવાહનો એક લાઈનમાં ગોઠવાવીને યાત્રાને નડિયાદ તરફ આગળ ધપાવી હતી.

### નડિયાદ :

જે સ્થાનમાં ખ્રીસ્તી ધર્મગુરુ બિશપ હેબર જેવા શ્રીજીમહારાજના કાર્યને જોઈને ચકિત થઈ ગયેલ અને રૂબરૂ મુલાકાત લીધી હતી તેવા નડિયાદ શહેરમાં બરાબર ૭-૦૦ કલાકે યાત્રા પહોંચી હતી. અહિંયાના સત્સંગ સમાજના આગેવાન ભક્તો તેમજ રાજકીય મહાનુભાવોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પુષ્પમાળા અર્પણ કરીને ભાવભર્યું સ્વાગતપૂજન કર્યું હતું. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સત્સંગ સમાજને રૂડા આશીર્વાદ પાઠવીને યાત્રાને ઉમરેઠના રસ્તે ગતિમાન કરી હતી.

### ઉમરેઠ :

જ્યાં શ્રીજીમહારાજે અનેકાનેક અદ્‌ભૂત લીલાઓ કરી છે તેમજ મુંગા બાળક પાસે વેદપાઠ કરાવ્યો હતો તેવા ઉમરેઠ શહેરમાં યાત્રા બરાબર ૮-૩૦ કલાકે પહોંચી હતી. અહિંના ઉત્સાહી નવયુવાનો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પુષ્પવૃષ્ટી સાથે હારતોરા

પહેરાવીને સ્વાગતપૂજન કર્યું હતું. તમામભક્તજનોને નૂતન વર્ષના શુભ આશીર્વાદ પાઠવીને પ.પૂ. લાલજી મહારાજશ્રી યાત્રા સાથે આગળ વધ્યા હતા.



### ઠાસરા :

બરાબર ૯-૦૦ કલાકે ઠાસરા ગામમાં યાત્રા પહોંચી હતી. અહિંયાના ભાવિક ભક્તોએ મેઈન રોડ પર જ સ્વાગતસભાનું આયોજન કર્યું હતું. શાંતિરથમાંથી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ઠાકોરજી અને પૂ. સંતો સાથે સભામાં પોતાનું સ્થાન લીધું હતું. ત્યારબાદ પૂ. સંતો-ભક્તો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું હારમાળા પહેરાવીને સ્વાગતપૂજન કરવામાં આવ્યું હતું. ત્યારપછી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સહુ ભક્તજનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. યાત્રા ઠાસરાથી આગળ વધીને સેવાલીયા સત્સંગ સમાજનું સ્વાગતપૂજન સ્વીકારીને આગળ ગોધરાના માર્ગે ગતિમાન થઈ હતી.



### ગોધરા :

યાત્રાએ ગોધરા શહેરમાં પ્રવેશતાની સાથે સૌ કોઈ ગોધરાવાસીઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. કારણ કે ૧૫૦ વધારે મોટરકારના કાફલા સાથે નીકળેલ આ રેલીમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીનું શાંતિરથમાં દિવ્ય દર્શન થતું હતું. સૌ કોઈ નગરવાસીઓ કૌતુહલથી આ યાત્રાને મેઈન બજારમાં, પોતાના ઘરના બારણે, મેડીએ, અટારીએ વગેરેથી નિહાળવા લાગ્યા હતા. બરાબર ૧૧-૦૦ કલાકે પ.પૂ. લાલજી મહારાજશ્રીના રથ સાથે યાત્રાએ લાલટેકરી સભાસ્થાનમાં પ્રવેશ કર્યો ત્યારે અહિંયા સત્સંગ સમાજે જોરદાર અને અતિ દબદબાભેર દરેક વાહન પર પુષ્પવૃષ્ટિ કરી હતી. સત્સંગ સભામાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પોતાનું સ્થાન લીધું ત્યારે ભક્તજનોએ નતમસ્તકે અભિવાદન કર્યું હતું. પૂ. સંતો તેમજ પંચમહાલ જિલ્લા વિસ્તારમાંથી પધારેલ અગ્રગણ્ય ભક્તો તેમજ ગોધરા સત્સંગ સમાજ આગેવાનો, વરિષ્ઠ નાગરીકો, રાજકીય મહાનુભાવોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીને પુષ્પમાળા પહેરાવીને સ્વાગતપૂજન કર્યું હતું. ત્યારબાદ પૂ. સંતોના પ્રાસંગિક મંગળ પ્રવચનો બાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પંચમહાલ જિલ્લા વિસ્તારના સત્સંગ સમાજને નૂતન વર્ષના નવલા દિવસોમાં જીવનમાં ગતવર્ષની રહેલી વિટંબણાઓ, મુંજવણો અને દુઃખ-દારિદ્રતાને દૂર કરી દરેકને સુખીયા કરે એવા ભગવાન શ્રી સ્વામિનારાયણના તથા પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સાથે અમૃતવાણીનું રસપાન કરાવ્યું હતું. અંતમાં સમીપ દર્શનનો લાભ સહુ ભક્તોને આપીને દાહોદ તરફ વિદાય થયા હતા.



### દાહોદ :

ગોધરાથી દાહોદ વચ્ચેની મુસાફરી દરમ્યાન વચ્ચે આવતા પીપલોદ વગેરે ગામોના ભક્તોને પ.પૂ. લાલજી મહારાજશ્રી દર્શન આપવા પૂર્વક તેમના સ્વાગતપૂજનભાવને સ્વીકારતા યાત્રા સાથે બરાબર ૧-૦૦ કલાકે દાહોદ શહેરમાં પ્રવેશ કર્યો હતો. અહિંયા સત્સંગ સમાજના આગેવાન ભક્તો દ્વારા સંપ્રદાયની પ્રણાલિકા પ્રમાણે પ.પૂ. લાલજી મહારાજશ્રીનું ફુલમાળા પહેરાવીને સ્વાગતપૂજન કર્યું હતું. ત્યારબાદ સમગ્ર શહેરના મુખ્યમાર્ગો પસાર કરીને યાત્રા સત્સંગસભા સ્થાને 'હરિવાટિકા' સ્થળે



અનુસંધાન પેજ - ૨૧ પર...



# આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ...

## પાંચમો દિવસ : ૩-૧૧-૨૦૦૭, કારતક વદ - ૯

**લેંખન/સંકલન** :- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી (વડતાલ), સાધુ બાલમુકુંદદાસજી તથા સાધુ અમૃતસ્વરૂપદાસ - સરધાર

**:: સ્વાગત સ્થળો ::**

વડોદરા, પાદરા, ડભાસા, કુરાલ, જંબુસર, આમોદ, ભરુચ, અંકલેશ્વર, ઓલપાડ, રાંદેર, વેડરોડ, કતારગામ, વરાછા-સુરત, નવસારી, બીલીમોરા, ચીખલી, વલસાડ

### વડોદરા :

રાત્રે ૧૨-૩૦ કલાકે ડભોઈ સત્સંગ સભાની પૂર્ણાહુતિ કરીને ત્યાંથી નીકળીને ૧-૦૦ કલાકે યાત્રા વડોદરા પહોંચી હતી. સૌ કોઈ યાત્રિકોએ સગવડતા પ્રમાણે ઉતારા-પાણી કરીને વિશ્રાંતી લીધી હતી. વહેલી સવારે ભગવાન શ્રીહરિના સ્મરણ સાથે સ્નાનાદિક નિત્ય પૂજાપાઠવિધિથી પરવારી તૈયાર થઈ ગયા. વડોદરા સત્સંગ સમાજે તમામયાત્રિકોની આગતા-સ્વાગતા પૂર્વક સારી એવી સેવા કરીને સહુનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો-ભક્તો સહુ યાત્રાને આગળ ધપાવા માટે તૈયાર થયા, સુવ્યવસ્થિત રેલીના રૂપમાં નિત્યના ક્રમપ્રમાણે મોટરકારો લાઈનબધ્ધ ચાલવા લાગી. સમગ્ર વડોદરા શહેરના મુખ્ય માર્ગોમાંથી પસાર થતી થતી છાણી જકાતનાકાએ સવારના ૭-૩૦ કલાકે યાત્રા પહોંચી હતી. અહિંયા વડોદરા સત્સંગ સમાજે યાત્રામાં સાથે ઠાકોરજી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગતપૂજન કર્યું હતું. સત્સંગ સમાજને નૂતન વર્ષના નવલા દિવસોમાં નવચેતનારૂપી આશીર્વાદ આપીને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ યાત્રા સાથે પાદરા તરફ પ્રયાણ કર્યું હતું.

### પાદરા :

બરાબર ૮-૩૦ કલાકે પાદરા શહેરના મુખ્ય ચોકમાં પ્રતિક્ષા કરી રહેલા ભક્તજનો પ.પૂ. લાલજી મહારાજશ્રી અને વિશાળ યાત્રાના દર્શનથી ખૂબજ આનંદિત થયા હતા. શહેરના વરિષ્ઠ નાગરિકો તથા સત્સંગ સમાજે પ.પૂ. લાલજી મહારાજશ્રીનું ભાવભર્યું સ્વાગતપૂજન કર્યું હતું. ભક્તોને આશીર્વાદથી ધન્યભાગી બનાવીને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ યાત્રા સાથે ડભાસા, કુરાલ વગેરે ગામોના ભક્તોના ભાવપૂજનને સ્વીકારતા સ્વીકારતા જંબુસરને આંગણે પધાર્યા હતા.

### જંબુસર :

જંબુસર શહેરના હાઈવે પરના મુખ્ય સર્કલ પર ભક્તજનો પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા યાત્રાના દર્શન તેમજ સ્વાગતપૂજન કરવા માટે રાહ જોઈ રહ્યા હતા. બરાબર ૧૦-૦૦ કલાકે યાત્રા જંબુસર આવીને પૂર્વનિયત સ્થળે વિરમી હતી. સત્સંગ સમાજના અગ્રગણ્ય ભક્તજનો તેમજ સમાજના આગેવાન વરિષ્ઠ નાગરિકો અને રાજકીય મહાનુભાવો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું હારમાળા પહેરાવી સ્વાગતપૂજન કર્યું હતું. સત્સંગ સમાજને નૂતન વર્ષના નવલા દિવસોમાં રૂડા આશીર્વાદ આપીને પ.પૂ. લાલજી મહારાજશ્રી યાત્રા સાથે આમોદ તરફ ગતિમાન થયા હતા.



### આમોદ :

**'ભવસંભવ ભીતિભેદનં સુખસંપતકરુણાનિકેતનં, વ્રતદાનતપક્રિયાફલં, સહજાનંદ ગુરુંભજે સદા...'** સ્ત્રોતના રચિયતા એવા સંપ્રદાયના વિદ્વાન શ્રી દિનાનાથ ભટ્ટના નિવાસસ્થાન આમોદ ગામમાં બરાબર ૧૦-૩૦ કલાકે યાત્રા પહોંચી હતી. ગામની ભાગોળે સ્વાગતપૂજન કરવા માટે ઊભેલા ભક્તજનોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીના દર્શન અને પૂજન કરીને પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ મેળવ્યા હતા. સત્સંગ સમાજનો ભાવ સ્વીકારીને પ.પૂ. લાલજી મહારાજશ્રી ભરુચ તરફ આગળ વધ્યા હતા.



### ભરુચ :

બરાબર ૧૧-૩૦ કલાકે ભરુચ શહેરના મુખ્ય માર્ગો ઉપર પસાર થઈને યાત્રાએ ભરુચમાં પ્રવેશ કર્યો હતો. અહિંયા ડો. ચોકસી સાહેબના બંગલે પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી. આ પત્રકાર પરિષદને સંબોધીને તેમજ ભરુચ-અંકલેશ્વર સત્સંગ સમાજના ભક્તોના સ્વાગતપૂજન સ્વીકારીને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ યાત્રા સાથે સુરત જવા માટે પ્રયાણ કર્યું હતું. ભરુચથી સુરત સુધીની મુસાફરી દરમ્યાન વચ્ચે આવતા ઓલપાડ, રાંદેર રોડ, વેડરોડ, કતારગામ, અશ્વિનીકુમાર વગેરે ભક્તોના ભાવપૂજન સ્વીકારીને વરાછાના માનગઢ ચોકે બપોરના ૪-૦૦ કલાકે યાત્રા પહોંચી હતી.




### વરાછા રોડ - સુરત :

અહિંયા માનગઢે ચોકે સુરતના સત્સંગ સમાજના હજારોની સંખ્યામાં ઉપસ્થિત ઉત્સાહી નવયુવાનો તેમજ આબાલવૃદ્ધ, સ્ત્રી-પુરુષો પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા યાત્રાના દર્શન અને વધામણા કરવા માટે પ્રતિક્ષા કરી રહ્યા હતા. સુરતનગરવાસીઓ આ ૧૫૦થી વધારે મોટરકારની યાત્રાને નિહાળી આશ્ચર્યચકિત થઈ ગયા, એકીટશે આ મોટરયાત્રાને સહુ કોઈ જોઈ જ રહ્યા, અને વૃત્તિ પણ સ્થિર થઈ ગઈ હતી. વિશાળ સંખ્યામાં ઉપસ્થિત થયેલા ભક્તોએ **'હેલી મારે મંદિરીએ મોરાર પધાર્યા પ્રીતશું...'** વગેરે કીર્તનપદોના ગુંજરાવ સાથે શહેરના મુખ્ય માર્ગ ઉપર શોભાયાત્રા રૂપે યાત્રાને આગળ ધપાવી હતી ત્યારે ફટાકડાની આતશબાજી અને બેન્ડપાર્ટીના સુમધુર સૂરો રેલાવા લાગ્યા હતા. સુંદર અને સુશોભિત રથમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પૂ. વડિલ સંતો બિરાજમાન થયા હતા. મહામંત્રના જયઘોષ અને ધૂનની રમઝટ



**અનુસંધાન પેજ - ૩૦ પર...**



## વચનામૃતની ૧૮૮મી જન્મજયંતિ પ્રસંગે આવો નિહાળીએ

# ભગવાન શ્રી સ્વામિનારાયણની નિખાલસતા...

- સાધુ અમૃતસ્વરૂપદાસ તથા પાર્ષદ રાજુભગત - સરધાર

આજે સમગ્ર સમાજમાં પોતે હોય તેના કરતા કંઈક સારા દેખાવાનું માણસને ગમે છે. તેથી જ 'ખાનગી સ્વ' અને 'જાહેર સ્વ' વચ્ચેનું અંતર એ જ દંભ છે. માણસ જેવો છે તેવો વ્યક્ત થવાને બદલે જેવો હોવો જોઈએ તેવો વ્યક્ત થાય ત્યારે તેના જીવનમાં દંભનું ઉદ્‌ઘાટન થાય છે. ધૂળના લીંપણ પર દંભના ગાલીચા પાથરીને બેઠેલા આજના આવા મંદપ્રાણ સમાજમાં ભેળસેળ વગરનું શુદ્ધ, નિર્દંભ, નિખાલસ વ્યક્તિત્વ દીવો લઈને શોધવા જઈએ તોપણ મળવું મુશ્કેલ છે, ત્યારે આજથી ૧૭૫ (પોણા બસો) વર્ષ પૂર્વે ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના ભક્તોને જે અનુભવામૃત પાયું છે, તેના પર દૃષ્ટિ કરતા એ નિખાલસતાથી રસાયેલું એક સૌમ્ય વ્યક્તિત્વ આજે પણ નજર સમક્ષ દૃશ્યમાન થાય છે.

અનેકાનેક વ્યક્તિના ઈષ્ટ-અભીષ્ટપદે બિરાજમાન હોવા છતાં એક સામાન્ય ચાકળા ઉપર આરૂઢ થઈને આ શ્વેતાંબરી વ્યક્તિત્વે ઉચ્ચારેલ શબ્દો તો જુઓ...!

હે સંતો ! જે મોટેરા મોટેરા હો ને વાતમાં સમજતા હો તે આગળ બેસો, ને આ એક વાત કરું છું તે સર્વે ચિત્ત દઈને સાંભળજો. અને આ જે મારે વાત કરવી છે તે કાંઈ દંભે કરીને નથી કરવી તથા માને કરીને નથી કરવી તથા પોતાની મોટપ વધારવા સારું નથી કરવી. એ તો એમ જાણીએ છીએ જે, 'આ સર્વે સંત તથા હરિભક્ત છે તેમાંથી એ વાત કોઈને સમજાય

જાય તો તેના જીવનું અતિ રૂડું થાય,' તે સારું કરીએ છીએ.

(વચનામૃત મધ્ય પ્રકરણ : ૧૩)

ખરેખર સમગ્ર સંતોએ શ્રીજીમહારાજ માટે પોતે પોતાનું સંપૂર્ણ જીવન નિચોવી નાખ્યું છે, વલોવી નાખ્યું છે. છતાં ભગવાન શ્રીહરિને તેમની પાસેથી કોઈ અપેક્ષા જ નથી. માત્ર તેઓના જીવનું કલ્યાણ થાય તેમાં જ રસ છે. વળી પોતાની વાત બધાને સમજાય જાય તેવી પણ કોઈ અપેક્ષા નથી, કોઈને સમજાય તોપણ ઘણું... આજ શ્રીજીમહારાજનું નિરપેક્ષ અને નિઃસ્વાર્થ વ્યક્તિત્વની આ એક ઝલક છે.

જે વ્યક્તિના વ્યક્તિત્વને સ્વાર્થની સંકિર્ણતા સ્પર્શતી નથી તે જ વ્યક્તિત્વમાં નિખાલસતા નીખરી ઉઠે છે. બાકી તો જીવનો સહજ બદ્ધ સ્વભાવ છે. આ સ્વભાવને શ્રીજીમહારાજ જીવના હૃદયમાંથી ઉન્મૂલન કરવા આતૂર છે. તેથી જ પોતે ગઢડા પ્રથમપ્રકરણના ૩૭મા વચનામૃતમાં સંતોને પ્રશ્ન પૂછે છે : "...જન્મભૂમિ તથા પોતાના સગાસંબંધી તેને અંતરમાંથી વિસારી દેવા તે ઘણું કઠણ છે. માટે જેને જેને જન્મભૂમિ તથા દેહના સંબંધી ન સાંભરતા હોય તે બોલો, અને જે લાજે કરીને ન બોલે તેને શ્રી નરનારાયણના સમ છે..." પરંતુ ભગવાન શ્રીહરિને એ ખ્યાલ હતો કે સમગ્ર સભા વચ્ચે આ વાતને કબૂલ કરતા સંતો અચકાશે, માટે તેઓને પ્રેરણા આપવા માટે પોતાના ગિરિશૃંગ પર શોભાતા વ્યક્તિત્વને સાવ તટપ્રદેશમાં નિમ્નગમન કરાવતા હોય તેમ પોતે કહે છે : "...આ ચિહ્નને (બાળપણમાં સાથળમાં વાગેલ ઝાડનો ખાંપો તે) જ્યારે અમે દેખીએ છીએ ત્યારે તે ઝાડ ને તલાવડી સાંભરી આવે છે. માટે જન્મભૂમિ તથા પોતાના સગાસંબંધી તેને અંતરમાંથી વિસારી દેવા તે ઘણું કઠણ છે..." આ શ્રીજીમહારાજની વાત સાંભળી તુરંત સર્વે સંતો નિષ્કપટ થઈ જેમ જેને વર્તતું હતું તે કહ્યું. ભગવાન શ્રીહરિએ પણ તેમને પાત્રતા પ્રમાણે યોગ્ય માર્ગદર્શન આપ્યું.


સમસ્ત સભા સમક્ષ સાથળ પરનો ખાપો બતાવી પોતાના વ્હાલા સંતોની કસર ટાળવા પોતામાં કસર દેખાડતા શ્રીજીમહારાજ કેટલા નિર્દંભ અને નિખાલસ હશે તેનું આ વચનામૃત આદર્શ દૃષ્ટાંત છે.

નિરપેક્ષતા અને નિઃસ્વાર્થતાની આધારશીલ પર આકારીત શ્રીજીમહારાજનું જીવન ગઢડા પ્રથમ પ્રકરણના ૭૩મા વચનામૃત આધારે ભગવાન શ્રીહરિ પોતે પોતાની બ્રહ્મચર્યની કઠોર સાધના વર્ણવતા કહે છે : "...જ્યારે અમે નાના હતા ત્યારે એમ સાંભળ્યું હતું જે, 'વીર્ય તો પરસેવા દ્વારે કરીને પણ નીકળી જાય છે' પછી તે વીર્યને ઉર્ધ્વ રાખવાને સારું અમે બે પ્રકારની જળબસ્તિ શીખ્યા હતા અને કુંજર ક્રિયા શીખ્યા હતા અને કામને જીત્યા સારું કેટલાંક આસન શીખ્યા હતા, અને રાત્રિએ સુતા ત્યારે ગોરખ આસન કરીને સુતા, જેણે કરીને સ્વપ્નમાં પણ વીર્યનો પાત થવા પામે નહિ..." આ શ્રીજીમહારાજના વચનો સાંભળી જે પૂર્વાપરનું ન જાણનારને એવું લાગે કે મહારાજને પણ કામ દોષ નડતો હશે...! એટલે આ ઉપાયો કર્યા હશે...! ભગવાન શ્રી સ્વામિનારાયણ તો સર્વોપરી ભગવાન હોવા છતાં આવી ગેરસમજ લોકો કરી બેસશે એવા ડર વિના નિઃશંકપણે જાહેરમાં પોતાની બ્રહ્મચર્ય સાધનાની વાત કરે છે. 'કોઈ સાંભળનારાને મારા વિષે ભાવ ઓછો થઈ જશે' એવો ડર શ્રીજીમહારાજને નથી - આજ તેઓનું નિર્દોષ નિખાલસપણું છે.

વચનામૃત લોયાનું - ૨ તથા પંચાળાનું - ૨ તથા મધ્યનું ૫૭મું વગેરેમાં શ્રીજીમહારાજ કહે છે : "...તમો કીર્તન રહેવા દો, તમે જ્યાં સુધી કીર્તન ગાતા હતા ત્યાં સુધી અમે જેમ વિચાર કર્યો છે તે વિચાર કહીએ છીએ જે..."

ઘણા લોકો તો પોતાના સાવ છિછરા, ઉછિના લીધેલા અને માયકાંગલા વિચારોને પણ ઊંડા ચિંતનની ફળશ્રુતિમાં ખપાવે છે. ત્યારે શ્રીજીમહારાજ કહે - 'આ અમારું અલ્પ સમયનું ચિંતન છે.' તેમ નિર્દંભપણે કહેનાર ભગવાન શ્રીહરિ કેટલા નિખાલસ હશે ! જો કે અહિં નોંધવું ઘટે કે અલ્પ સમયમાં પણ તેઓનું ચિંતન કેટલી ગેહરાઈ પકડતું હશે તે તો તે વચનામૃતો વાંચતાં જ સમજાય તેવું છે.

શ્રીજીમહારાજ ગઢડા મધ્ય પ્રકરણના ૨૨મા વચનામૃતમાં પોતાનું વૃતાંત વર્ણવતા કહે છે : "...અમે અમદાવાદમાં શ્રીનરનારાયણદેવની પ્રતિષ્ઠા કરવા ગયા ત્યારે હજારો માણસનો મેળો ભરાયો હતો પછી જ્યારે શ્રીનરનારાયણદેવની પ્રતિષ્ઠા થઈ રહી અને અમદાવાદના બ્રાહ્મણો




લોયા


પંચાળા


કારિયાણી


વરતાલ


સારંગપુર


અમદાવાદ

ચોરાશી જમી રહ્યા, પછી અમે સાબદા થઈને ચાલી નીસર્યા...'' (આગળ કહે છે) ''...તેને (પ્રવૃત્તિ) વિસાર્યાને અર્થે હૈયામાં અતિશે દુઃખ થયું, તેણે કરીને શરીરે પણ માંદા થઈ ગયા. પછી ત્યાં થકી ધોળકે જઈને રાત રહ્યા, અને ધોળકાના ચાલ્યા એને એ વિચારમાં ગામ કોઠને પાસે ગણેશ ધોળકાની રાણ્યોમાં જઈને રાત રહ્યા. તે વિચાર એવો કરવા માંડ્યો જે દેહની સ્મૃતિ ન રહી પછી વિચારતા વિચારતા સર્વે પ્રવૃત્તિને વિસારી મેલી, ને જેવા અમે કાંકરીયે તળાવ ઉતર્યા નહોતા ને મેળો પણ ભરાયો નહોતો, ને ત્યારે કોઈ જાતનો ઘાટ નહોતો, તેવી રીતે સર્વે ઘાટ ટાળી નાખ્યા. અને જ્યારે લૌકિક ઘાટ મટી ગયા ત્યારે અંતર્દષ્ટિ રહેવા માંડી... ત્યારે સર્વે સંકલ્પનો મંદવાડ હતો તે પણ ટળી ગયો... એવી રીતે ભગવાનના ભક્તે વર્તવું...'' - પોતાના માનસિક મંદવાડનું વર્ણન કરી ભક્તોના મનને દુરસ્ત રાખવા માટે શ્રીજીમહારાજને ડર નથી કે હું મારી પ્રતિભાને ઝાંખી કરી રહ્યો છું કે મારી જાતને નીચી ઉતારી રહ્યો છું. તદ્દન નિષ્કપટ અને નિર્દંભપણે ભગવાન શ્રીહરિ પોતાનું વૃતાંત ભક્તોની પ્રગતિ અને સદ્‌ગતિ માટે વર્ણવે છે.

જે વ્યક્તિ સાચમસાચ હસી ન શકે તે માણસ કદી સાચું રડી પણ ન શકે. શ્રીજીમહારાજ તો હસતા હસતા વાત કરી પોતાને ઉતારે પધારતા તે આપણે ગઢડા પ્રથમપ્રકરણના ૨૯મા વચનામૃતમાં અને લોયા પ્રકરણના ૧૮મા વચનામૃતમાં જોઈએ છીએ - વિના કારણે અલમસ્ત હાસ્ય વહાવતા મહારાજનું ભીતરી પ્રસન્નતાના છોડવે ઊગેલું આ સહન સ્મિતનું પુષ્પ કેટલું નિર્દોષ હશે...! તેમજ ભેળસેળ વગરનું શુદ્ધ રૂદન પણ દોહ્યલું છે. આ દોહ્યલી નિખાલસતા ગઢડા મધ્ય પ્રકરણના ૧૯મા વચનામૃતમાં જોવા મળે છે : શ્રીજીમહારાજ ઉદાસ થઈને બેઠા, તે કોઈને બોલાવે પણ અને કોઈ સામું જુએ પણ નહિ. અને મસ્તક ઉપર ફેંટો બાંધ્યો હતો તે છુટીને શિથિલ થઈ ગયો તેને પણ સંભાળે નહિ. એવી રીતે એક ઘડી સુધી અતિશે ઉદાસ થઈને બેસી રહ્યા અને નેત્રમાંથી જળ પડવા લાગ્યાં. - અહિં શુષ્કવેંદાતીના ગ્રંથ સાંભળીને દિલગીર થયેલા શ્રીજીમહારાજનો વિષાદ વહી રહ્યો છે. લાખોના ઈષ્ટદેવ બાળકની જેમજાહેરમાં રડી પણ શકે એ કેટલી નિખાલસતા...!!!

આજનો માણસ પોતાનું જીવન પોતાની ઈચ્છા પ્રમાણે જીવતો જ નથી. જેમજેમતેની પ્રતિષ્ઠાનું ક્ષેત્રફળ વધે તેમ તેમ તેના સ્વરાજ્યનું ઘનફળ વધે છે. જે કંઈ થોડા લોકો પોતાને ઓળખે છે તેની આગળ પોતે કેવો દેખાશે તેનો ભય સતત તેના વ્યક્તિત્વને ઘસતો રહે છે. પરિણામે સાવ હળવી ક્રિયા પણ તેના માટે ભારેખમબની જાય છે. જ્યારે બીજી બાજુ વરતાલ પ્રકરણના ૧૩મા વચનામૃતમાં 'બ્રહ્મ' અને 'સમાધિ' જેવા ભારેખમ વિષયોની છણાવટ વખતે પણ ભગવાન શ્રીહરિ હસ્તકમળમાં દાડમ ઉછાળતાં ઉછાળતાં વાત કરી શકે તેટલા હળવા છે. જેતલપુર પ્રકરણના ૧લા વચનામૃતમાં હાથમાં લીંબુ ફેરવતા ફેરવતા દ્વૈતાદ્વૈતની વાતો શ્રીજીમહારાજ કરે છે. તો જેતલપુર પ્રકરણના ૩જા વચનામૃતમાં દાડમઅને લીંબુને એકસાથે ઉછાળતાં વાસનાને ઉખાડવાની વાત સમજાવે છે. ગઢડા પ્રથમપ્રકરણના ૩૬મા વચનામૃતમાં સાચા ત્યાગીની વ્યાખ્યા આપતા મહારાજ હાથમાં પુષ્પના દડાને ફેરવતા ફેરવતા વાત સમજાવે છે. પંચાળા પ્રકરણના ૧લા વચનામૃતમાં આસન ઉપર રાખેલ તકિયા ઉપર બેસી પંચવિષયની તુચ્છતા સમજાવે છે. તેઓને લોકો મારા વિષે શું કહેશે ? તેવા લોકોભિપ્રાયોનો ભય નડતો નથી. તેથી જ તો સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામી લીલાચેષ્ટા પદોમાં યથાર્થ લખે છે :

**'ક્યારેક ઢોલિયા રે, ઉપર તકિયો ભાળી; તે પર બેસે રે, શ્યામપલાંઠી વાળી...'**

વળી, વરતાલ પ્રકરણના ૫મા વચનામૃતમાં શ્રીજીમહારાજ બધાની આળસ ઉડે તે

મમાટે અઘરા પ્રશ્નો પૂછવાની આજ્ઞા કરે છે ને પોતે આથમણી કોરે ઓશીકું કરીને પડખાભેર સૂઈ જાય છે ! ગંભીર અને ગહન ચર્ચાના આહ્વાનને સુતા સુતા ઝીલી શકે તેવા શ્રીજીમહારાજના જ્ઞાન તળે પણ તેમની હળવાશ, નિર્દોષતા, નિર્મળતા, નિખાલસતા અને અલમસ્તાઈ દટાઈ નથી મરતા...!!!

ભગવાન શ્રી સ્વામિનારાયણની આ પારદર્શક નિર્દોષતા - નિખાલસતાની સાથે સાથે સૌ સંગાથે હળીમળીને રહેવાની મુલાયમતા પણ એટલી જ ચોખ્ખી અને ઉઘાડી છે. શ્રીજીમહારાજ ઉપદેશ આપવામાં ક્યારેય પોતાનો મોભો જાળવવાનો વિચાર કર્યો નથી. તેમની ઉપદેશગંગા સ્થળ, આસન કે સમયની મર્યાદા વળોટીને વહેલી છે. વચનામૃતમાં ભગવાન શ્રીહરિના ઉપદેશની જુદી જુદી જગ્યાની માહિતી ઠીક ઠીક મળી રહે છે :

**જુદા જુદા સ્થળો :**

દરબારગઢ, મંદિર વિષે, લીંબડા નીચે, પરમહંસની જાયગામાં, ઘોડશાળામાં, મેડી ઉપર, ચોકમાં, વાડીએ, જારની ખાણે, પોતાના ઉતારે, કુવાના કાંઠે, હરજી ઠક્કરના ઘરે, ઓરડાની ઓસરીએ, મંચ ઉપર, હવેલીમાં, રૂપચોકી ઉપર, મંડપમાં, જમવાની પંક્તિમાં, આંબલીની ડાળ પકડીને ઉભા હતા, ખાંભડા ગામને પાદર પીંપરના વૃક્ષ નીચે, મેડીના ગોખમાં, પંક્તિમાં લાડુ પીરસતા, આંબાના વૃક્ષ નીચે વગેરે સ્થળોએ શ્રીજીમહારાજે વચનામૃતોનું રસપાન કરાવ્યું છે.

**જુદા જુદા આસનો :**

પાટ ઉપર, ગાદિ-તકિયા ઉપર, ઢોલિયા ઉપર, પલંગ ઉપર, વેદિ ઉપર, ઓટા ઉપર, ઓસરી ઉપર, ચોતરા ઉપર, સિંહાસન ઉપર, ચાદર ઉપર વગેરે...

**જુદા જુદા સમયે :**

પ્રાતઃકાળે, સવારે, પ્રભાતે, દિવસ ઉગ્યા સમે, દોઢ પહોર દિવસ ચઢતે, અપરાહ્ન કાળે, મધ્યાહ્ને - બપોરે, બપોર નમતે, સંધ્યાકાળે, સાંયકાળે, રાત્રે, અર્ધરાત્રે, રાત્રિ પહોર બાકી હોય ત્યારે, પાછલી રાત્રે વગેરે...

આમ, શ્રીજીમહારાજ સમગ્ર સૃષ્ટિના જીવનપ્રાણ હોવા છતાં સ્થળ-આસન-સમય વગેરેની પરવા તેઓએ કરી નથી. બધા સાથે હળી જવાની, મળી જવાની, ભળી જવાની કેટલી મુલાયમતા...! કેટલી નિખાલસતા...! ભક્તજનો પ્રત્યેની ખેવનાના અતલ ઊંડાણમાંથી પ્રગટેલી ભગવાન શ્રી સ્વામિનારાયણની અમૃતધારા ક્યારેય કોઈપણ પ્રકારના માપની મથામણમાં ફસાઈ નથી અને તેથી જ તે અમાપના અણસારા આપનારી બની રહી છે. શ્રીજીમહારાજની ઉપદેશગંગા સહજપણે વહે છે, તેથી જ તે અવિરત વહી હતી, વહે છે, વહેતી રહેશે જ. કારણ કે તેમાં સ્વાર્થનો શૂન્યાવકાશ છે.

વચનામૃતમાં સમાયેલી ભગવાન શ્રીહરિની આ નિર્દંભતા, નિર્દોષતા, નિર્મળતા, નિખાલસતા, મુલાયમતા તે માણીએ છીએ ત્યારે 'વચનામૃત' એ કોઈ ઉપદેશનો સંગ્રહ નહિ, પરંતુ શ્રીજીમહારાજ અને પરમહંસો વચ્ચેની આત્મીયગોષ્ઠી સમું લાગે છે. જ્યાં સુધી શંકા ન મટે ત્યાં સુધી મંડી રહેનાર પરમહંસો અને એ શંકાઓનું ધીરજપૂર્વક સુસંગત સમાધાન કરનાર શ્રીજીમહારાજ વચ્ચેની અધ્યાત્મગોષ્ઠી એટલે જ તો - 'વચનામૃત'

સમગ્ર વિશ્વની ક્ષિતિજે જ્યારે સુવાળી ચામડીને ખરબચડા અંતરવાળી વ્યક્તિઓની દંભવલ્લભ સંસ્કૃતિ ઉદિત થઈ રહી છે ત્યારે ભગવાન શ્રીહરિના આવા પરિશુદ્ધ અને નિખાલસ વ્યક્તિત્વને આપણી આંખોનું કાયમી આતિથ્ય બનાવીએ. જેથી આપણું ભાવજગત સદાર્ય નિખાલસતા - નિર્દંભતાથી ભર્યું ભર્યું બની રહે...! એ જ આ ૧૮૮મી વચનામૃત જન્મજયંતિ પ્રસંગે અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ, સર્વાવતારી, સર્વોપરી, સર્વકારણના કારણ પુરુષોત્તમનારાયણ ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના શ્રીચરણોમાં વારંવાર પ્રાર્થના કરીએ હે મહાપ્રભુ ! આપે સ્વીકૃત કરેલ નિખાલસતારૂપી ગુણ તે અમારા જીવનમાં કંઈક અંશે પ્રસ્થાપિત થાય એજ આજના શુભદિને અભ્યર્થના સહ જય શ્રી સ્વામિનારાયણ...

**અનુસંધાન પેજ ૧૧નું ચાલું...**

વિટંબણાઓ, મુંજવણો અને દુઃખ-દારિદ્રતાને દૂર કરી દરેકને સુખીયા કરે એવી ભગવાન શ્રી સ્વામિનારાયણના શ્રીચરણોમાં પ્રાર્થનાની સાથે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આશીર્વાદાત્મક શુભ પ્રેરણા સહ પ.પૂ. લાલજી મહારાજશ્રી દ્વારા દક્ષિણ વિભાગના ભક્તજનોને દિવાળીના શુભ પર્વ બાદ નૂતન વર્ષના પ્રારંભના દિવસોમાં આગામી વર્ષ માટે, પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના દર્શનાદિ લાભ સર્વસુલભ બની રહે અને તેમની નિશ્રામાં ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિતોને કોઈપણ સામાજીક-રાજકીય કે અસભ્યજનોના દમનથી પુરુષાર્થચતુષ્ટયનો માર્ગ સર્વદા અવિઘ્નિત રહે તેવો ધાર્મિકક્ષેત્રે અદમ્ય ઉત્સાહ પુરો પાડવા માટે આ સર્વજીવહિતાવહ ભગવાન શ્રીહરિના 'શાંતિ યાત્રારથ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

અનુસંધાન પેજ ૨૫નું ચાલું...

મચાવતી શોભાયાત્રા આગળ વધીને સભાસ્થાને વિરમી હતી. સભાસ્થાનમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ અને તમામયાત્રિક સંતો-ભક્તોએ પોતપોતાનું સ્થાન લીધું હતું. સૌપ્રથમપૂ. વડિલ સંતો-ભક્તો તથા રાજકીય અને આગેવાન ભક્તો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પુષ્પમાળા પહેરાવીને સ્વાગતપૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સુરત સત્સંગને રૂડા આશીર્વાદ પાઠવીને નવસારી, બીલીમોરા, ચીખલી વગેરે ગામોના ભક્તજનોને દર્શન-અમૃતવાણીનો લાભ આપીને પ.પૂ. લાલજી મહારાજશ્રી યાત્રા સાથે આ સર્વદર્શન શાંતિ યાત્રાનું અંતિમસ્થાન એવા વલસાડ શહેરમાં આવી પહોંચ્યા હતા.

### વલસાડ :

બરાબર ૮-૦૦ કલાકે યાત્રા અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના દર્શન અને વધામણા માટે અહિંયા પ્રતિક્ષા કરી રહેલા મુંબઈ, બોઈસર, પાલઘર, દહાણું, બીલીમોરા, ચીખલી વાપી વગેરે સ્થાનોના ભાવિક ભક્તજનોએ શ્રીઠાકોરજી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું બેન્ડપાર્ટીના સુમધુર સંગીત સુરાવલી અને ફટાકડાની આતશબાજી તેમજ મહામંત્ર જયઘોષના નારા અને **'વાલો વધાવું મારો વાલો, આજની ઘડી રળિયામણી રે...'** વગેરે કીર્તનપદોના ગાન સાથે ભવ્ય સ્વાગત કર્યું હતું. ત્યારબાદ આ યાત્રાની અંતિમસત્સંગ સભાનું આયોજન બિલેશ્વર મહાદેવ મંદિરના પટાંગણમાં કરવામાં આવ્યું હતું ત્યાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ અને તમામયાત્રિક સંતો-ભક્તોએ પોતપોતાનું સ્થાન લીધું હતું. સૌપ્રથમપૂ. વડિલ સંતો-ભક્તો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પુષ્પમાળા પહેરાવીને સ્વાગતપૂજન કરવામાં આવ્યું હતું. ત્યારપછી પૂ. એસ.પી. સ્વામી, પૂ. લક્ષ્મીપ્રસાદદાસજી સ્વામી, પૂ. પુરાણી સ્વામી વગેરે સંતોએ પોતાના યાત્રા દરમ્યાન થયેલા અનુભવો રજૂ કર્યા હતા. અંતમાં સમગ્ર સત્સંગ સમાજ અને યાત્રિકોને આશીર્વાદ આપતા કહ્યું હતું કે, આ સંસારમાં રહેતા માનવજીવ (મનુષ્ય) સમક્ષ અનેક વિટંમણા છે. આ તમામવ્યક્તિ ત્રાહિમામ્ પોકારી ઉઠી છે. આ સમગ્ર વિટંમણાથી મુક્તિ મેળવવા તેમજ વનવગડાઓમાં ફેલાયેલી શાંતિ મેળવવા માનવજીવ પ્રયત્નો કરે છે. પરંતુ તે શાંતિ ક્યાં રહેલી છે તે દરેકને ખબર હોતી નથી...? જે શાંતિ આપણા આર્ષદૃષ્ટાઓ અનુભવતા તેવી શાંતિ તો ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણારવિંદમાં રહેવાથી મળે છે.

કળિયુગમાં જીવાત્માને પરમશાંતિ અનુભવવા ભગવાનને ચરણે અને શરણે આવવું જ પડશે. મનુષ્યને તેના જીવનકાળ દરમ્યાન બે શત્રુઓ નડતા હોય છે : ૧. અંતઃશત્રુ કે જે આપણા શરીરમાં કામ, ક્રોધ, ઘૃણા, રાગદ્વેષ રૂપે રહેલા છે. જેને આપણે હાવિ (ખતરનાક) થવા દેવા ના જોઈએ. ૨. બાહ્યશત્રુ : આ બાહ્યશત્રુઓનું અંતઃ મન કાળું હોય તો મનુષ્ય માત્રનું ખંડન થાય છે. આ બાહ્યશત્રુઓ એકબીજાની ઈર્ષ્યા કરી અધઃપતન કરાવે છે. એકતા, ભાઈચારો ઘટાડે છે. મનુષ્યે આ બંને શત્રુઓને પોતાના હાવી (આધીન કરનારા) થવા દેવા જોઈએ નહિ.

દાન કરવા માટે કોઈનું ખિસ્સું કાતરવાનો અધિકાર નથી. એ જ પ્રમાણે મનુષ્ય માત્રે એકબીજાનું ખંડન નહિ કરવું જોઈએ એવા આદર્શ સંકલ્પો ભગવાને આપ્યા છે. શિક્ષાપત્રીના વાંચનથી ધરતી પરના અનેક જીવોનો ઉદ્ધાર થાય છે. આ ભૂમિપર એકતા, ભાઈચારો જળવાઈ રહે છે અને તેના વાંચનથી ભક્તોમાં કે માનવસમાજમાં હીનભાવના પેદા થતી નથી. અને આ જ ઉદ્દેશથી સર્વે સંતો-હરિભક્તો સાથે સોમનાથથી વલસાડ સુધી સર્વદર્શન શાંતિ યાત્રા નીકળી છે.

'સનાતન વૈદિક ધર્મના અહિંસા અને સદાચાર અને ભાઈચારાના આદર્શો પુનઃ સ્થાપિત થાય અને મહાત્મા ગાંધીજી તેમજ સરદાર પટેલ જેવા અનેક સપૂતોની આ માતૃભૂમિનું ગૌરવ પુનઃ પ્રસ્થાપિત થાય' તેવી શુભ ભાવના વ્યક્ત કરી હતી.

અંતમાં સમગ્ર માનવ સમાજ માટે આવનાર દિવસોમાં સુખ-શાંતિ- સમૃદ્ધિ અને ઉન્નતિના સ્વરૂપે નવયુગનો પ્રારંભ થાય અને ધર્મ-ભક્તિને અનુસરી માનવ સમાજનું કલ્યાણ થાય, તેવા શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદ અમૃતવચનો બાદ તમામપધારેલ ભક્તજનો માટે મહાપ્રસાદની વ્યવસ્થા વલસાડ સત્સંગ પરિવારે પોતાના અંતરના હૃદયસ્થ ભાવઊર્મિઓ સાથે કરી હતી. તમામભક્તજનોએ મહાપ્રસાદ ગ્રહણ કરી લીધા બાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પણ ઠાકોરજી અને પૂ. સંતો સાથે વડતાલ જવા સૌ કોઈ યાત્રિકોની વિદાય લઈને વડતાલ તરફ જવાના માર્ગે પ્રયાણ કર્યું હતું. યાત્રિક હરિભક્તો પણ વિદાય લેવા તૈયાર થયા ત્યારે તેઓના મુખમાંથી ઉદ્‌ગારો સરી પડ્યા હતા કે હવે આવો યોગ ક્યારે મળશે ? આ પાંચ દિવસ દરમ્યાન દરરોજ પ્રાસાદિક ઠાકોરજીના દર્શન, પ.પૂ. લાલજી મહારાજશ્રીના દર્શન તેમજ અમૃતવાણીનો દિવ્ય લાભ, પૂ. સંતોનું સાંનિધ્ય...!!! આવી યાત્રા આજ પહેલા અમે કદી કરી નથી અને કદાચ થશે પણ નહીં.

આમ, આ પંચદિનાત્મક યાત્રાના અલૌકિક સુખનું વર્ણન કરતા કરતા સૌ યાત્રિકો યાત્રાના સંસ્મરણો સાથે પોતપોતાના સ્થાનોમાં જવા લાગ્યા હતા.

### યાત્રાનું સમગ્ર પુણ્યકર્મ કૃષ્ણાર્પણ....

પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આ સમગ્ર યાત્રાના તમામસંતો-ભક્તોએ કરેલ કીર્તન-ભક્તિ, ધૂન-ભજનનું પુણ્યકર્મ સર્વજીવહિતાર્થના સિદ્ધાંતથી ગુજરાતના સુખ-શાંતિ અને સર્વાંગી વિકાસ માટે ગુજરાત અને ગુજરાતની જનતાને



ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રસન્નતાથી સ.ગુ. ઉપેન્દ્રાનંદ સ્વામીએ
ગામપારીખામાં પધરાવેલા ભગવાન શ્રીહરિના
પવિત્ર ધર્મકુળના કુળદેવ અતિ પ્રતાપી શ્રી કષ્ટભંજન દેવની સ્થાપનાનો ઉજવાયેલ

# ॥ સાર્ધ શતાબ્દી મહોત્સવ ॥

- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી (વડતાલ)

અનંતકોટી બ્રહ્માંડોના અધિપતિ સર્વાવતારી ઈષ્ટદેવ **ભગવાન શ્રી સ્વામિનારાયણની** પૂર્ણકૃપાથી તેમજ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના વડતાલ પીઠાધિપતિ **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના** શુભ આશીર્વાદથી તેમજ **પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના** રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી તથા અ.નિ. **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા **અ.નિ. પ.પૂ. મોટા માતૃશ્રીના** અતિ કૃપાપાત્ર ગામપારીખામાં સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીના શિષ્ય સ.ગુ. શ્રી ઉપેન્દ્રાનંદ સ્વામીએ પ્રસ્થાપિત કરેલ ભગવાન શ્રી સ્વામિનારાયણના પવિત્ર ધર્મકુળના કુળદેવ તથા મૂંગા પશુઓ માટે પ્રતાપી અને અતિ ચમત્કારિક શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજનો ૧૫૦મો પાટોત્સવ 'શ્રી સાર્ધ શતાબ્દિ મહોત્સવ'નું તા. ૧૧-૧૨-૦૭ માગશર સુદ-૨ થી તા. ૧૫-૧૨-૦૭ માગશર સુદ -૬ સુધી આયોજન કરવામાં આવ્યું હતું.

આ પાટોત્સવ પ્રસંગે રામચરિત્ર માનસ પંચાહ્ન પારાયણ, સુવર્ણ કળશ, સુવર્ણ ધ્વજદંડ, સુવર્ણ સિંહાસન પ્રતિષ્ઠા મહોત્સવ તેમજ શ્રી મારૂતિયાગ તથા અનેકવિધ સામાજીક, ધાર્મિક તથા સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન થયું હતું.

તા. ૧૧-૧૨-૦૭ના રોજ વડતાલથી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ મહોત્સવના પ્રથમદિવસે પધારી પોથીયાત્રામાં વિરાજમાન થઈને મહોત્સવનો પ્રારંભ કરાવીને આ મહોત્સવ નિર્વિઘ્ન સંપૂર્ણ સફળતાની સાથે પૂર્ણ થાય તેવી ભગવાન શ્રીહરિના શ્રીચરણોમાં પ્રાર્થના કરી હતી. ત્યારબાદ રામચરિત્ર પારાયણના વક્તા પૂ. સ્વામી શ્રી વિવેકસ્વરૂપદાસજીએ પોતાની સુમધુર શૈલીમાં રામજન્મોત્સવ, રામરાજ્યાભિષેક, રાવણવધ વગેરે પ્રસંગોનું રસપાન કરાવ્યું હતું.

તા. ૧૪-૧૨-૦૭ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ફરીથી આ મહોત્સવમાં પધારી દિવ્ય અમૃતવાણી તેમજ દર્શનનો અનેરો લાભ આપ્યો હતો.

તા. ૧૫-૧૨-૦૭ના મહોત્સવ પૂર્ણાહુતિના શુભ દિવસે બપોરે ૧૨-૦૦ કલાકે મારુતિયાગમાં બીડું હોમી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ યજ્ઞની પૂર્ણાહુતિ કરી હતી.

આ મહોત્સવમાં પૂ. સદ્. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી - બગસરા, પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - સરધાર, પૂ. એસ.પી. સ્વામી - ગઢપુર, પૂ. પુરાણી સ્વામી શ્રીહરિદાસજી - વરજાંગ જાળિયા, પૂ. વકીલ સ્વામી - વડતાલ આદિક વડતાલ, ગઢડા, ધોલેરા, જૂનાગઢ, અમરેલી, બગસરા, સરધાર વગેરે ધામોધામના સંતો-મહંતો પધારી દર્શન-પ્રવચનાદિકનો લાભ આપ્યો હતો. તેમજ કાનમપ્રદેશના હજારો ભક્તજનોએ આ મહોત્સવનો અનેરો લાભ લઈને પોતાના જીવનને ધન્યભાગી બનાવ્યા હતા.

# સત્સંગ સમાચાર પત્રિકા

અહેવાલ :- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી-વડતાલ તથા સાધુ અમૃતસ્વરૂપદાસ - સરધાર

## મુંબઈ પરાવિસ્તારોના થાણા-કાંદિવલી-મલાડ-બોરિવલી-ભાયંદર ખાતે યોજાયેલ સત્સંગ સભાઓ

સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી મુંબઈ પરાવિસ્તારોમાં તા. ૫-૧૨-૦૭ના રોજ થાણા ખાતે રાત્રે ૯ થી ૧૧ તેમજ તા. ૭-૧૨-૦૭ના રોજ સાંજે ૫ થી ૬ સુધી શ્રી સ્વામિનારાયણ મંદિર - કાંદિવલી તથા રાત્રે ૯ થી ૧૧ શ્રી સ્વામિનારાયણ મંદિર - મલાડ ખાતે તેમજ તા. ૮-૧૨-૦૭ના રોજ ૫ થી ૬ સુધી શ્રી સ્વામિનારાયણ મંદિર - બોરિવલી તથા ૯ થી ૧૧ શ્રી સ્વામિનારાયણ મંદિર - ભાયંદર ખાતે સત્સંગ સભાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર સત્સંગ સભાઓમાં સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીએ સંતમંડળ સહિત પધારી સત્સંગ કથા-વાર્તાનો લાભ આપ્યો હતો.



## દહિસર(મુંબઈ) આંગણે યોજાયેલ ભવ્ય શાકોત્સવ



સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી તા. ૮-૧૨-૦૭ના રોજ દહિસર ખાતે શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિરના પરિસરમાં ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શાકોત્સવ પ્રસંગે સત્સંગ સભા રાખવામાં આવી હતી. આ સત્સંગ સભામાં સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીએ સંતમંડળ સહિત પધારી સત્સંગ કથા-વાર્તાનો અમૂલ્ય લ્હાવો આપ્યો હતો.

સત્સંગ સભાના અંતમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનોએ ઠાકોરજીને ધરાવેલા રીંગણાના શાકના મહાપ્રસાદનો લાભ લીધો હતો.

## ડોંબીવલી(મુંબઈ) શ્રી સ્વામિનારાયણ મંદિરને આંગણે યોજાયેલ ભવ્ય શાકોત્સવ

તા. ૯-૧૨-૦૭ના રોજ સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી તા. ૮-૧૨-૦૭ના રોજ ડોંબીવલી ખાતે શ્રી સ્વામિનારાયણ મંદિરને આંગણે શ્રી ઘનશ્યામમહારાજ દિવ્ય સાંનિધ્યમાં **'ભવ્ય શાકોત્સવ'** નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ દિવ્ય અને ભવ્ય શાકોત્સવ પ્રસંગે સત્સંગ-કથા વાર્તાનો લાભ આપવા માટે સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી સંતમંડળ સહિત પધાર્યા હતા.

સવારે બરાબર ૯-૩૦ કલાકે પૂ. સંતો-ભક્તો દ્વારા શાકોત્સવ માહાત્મ્યના કીર્તનપદોથી સભાની શુભ શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ પૂ. સ્વામીશ્રીએ વચનામૃત, ભક્તચિંતામણી, સત્સંગિજીવન, નિષ્કુળાનંદ કાવ્ય વગેરે સાંપ્રદાયિક ગ્રંથોને આધારે શ્રીજીમહારાજ લીલાચરિત્રોથી સાથે સાથે સ્વરૂપનિષ્ઠા, ધર્મનિષ્ઠા અને નિયમ-નિશ્ચય-પક્ષની વાતોનું પોતાની આગવી શૈલીમાં ભક્તજનોને રસપાન કરાવ્યું હતું.

સત્સંગ સભા સમાપ્તિ બાદ થાણા, મુલુંડ, ઘાટકોપર, દહિસર, બોરિવલી, કાંદિવલી, મલાડ, ખાર, મીરારોડ, વસઈ વગેરે મુંબઈ પરાવિસ્તારમાંથી પધારેલ વિશાળ સંખ્યામાં ભક્તજનોએ ઠાકોરજીને ધરાવેલા રીંગણાના શાકના મહાપ્રસાદનો લાભ લીધો હતો.





## પુનાને આંગણે ઉજવાયેલ ભવ્ય શાકોત્સવ

તા. ૯-૧૨-૦૭ના રોજ શ્રીજીમહારાજે નીલકંઠ વર્ણી સ્વરૂપે પુનિત ચરણારવિંદથી પાવન થયેલ પુના શહેર ખાતે ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ - પીપળે ગુરુવ દ્વારા ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શાકોત્સવ પ્રસંગે સત્સંગ સભા રાખવામાં આવી હતી. આ સત્સંગ સભામાં સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીએ સંતમંડળ સહિત પધારી સત્સંગ કથા-વાર્તાનો અમૂલ્ય લ્હાવો આપ્યો હતો.

સત્સંગ સભાના અંતમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનોએ ઠાકોરજીને ધરાવેલા રીંગણાના શાકના મહાપ્રસાદનો લાભ લીધો હતો.

## બોટાદને આંગણે ઉજવાયેલ ભવ્ય શાકોત્સવ

તા. ૮-૧૨-૦૭ના રોજ શ્રીજીમહારાજના પુનિત ચરણારવિંદથી પાવન થયેલ બોટાદ શહેર ખાતે ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી ધર્મકુળ આશ્રિત શ્રી હરિકૃષ્ણ યુવક મંડળ દ્વારા ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

સાંજે ૫-૦૦ કલાકે સત્સંગ સભાની શુભ શરૂઆત કરવામાં આવી હતી. આ સભામાં સરધાર મંદિરના પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી તથા સ્વામી શ્રી દિવ્યસ્વરૂપદાસજી આદિક સંતો પધારી સત્સંગ કથા-વાર્તાનો અમૂલ્ય લ્હાવો આપ્યો હતો.

સત્સંગ સભાના અંતમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનોએ ઠાકોરજીને ધરાલેવા રીંગણાના શાકના મહાપ્રસાદનો લાભ લીધો હતો.

## નૂતન વર્ષના નવલા પ્રકાશનો....આપે શું માણ્યા કે નહિ...?




DVD, VCD, MP3

### વંદુ સહજાનંદ રસરૂપ... કીર્તન વિવેચન...

શ્રી સ્વા. સત્સંગ છાવણી - ૧૨ અંતર્ગત પૂ. સ્વામીશ્રીના મુખે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં નિત્ય બોલાતી સ્વાભાવિક ચેષ્ટાના પદોનું માર્મિક વર્ણન...




DVD, VCD, MP3

### વચનામૃત વિવેચન... લોયા પ્રકરણ

શ્રી સ્વા. સત્સંગ છાવણી - ૧૨ અંતર્ગત પૂ. સ્વામીશ્રીના મુખે ગવાયેલ શ્રીજીમહારાજની પરાવાણી વચનામૃતમાંથી લોયા પ્રકરણનું સચોટ અને સર્વોપરી નિષ્ઠા સભર વિવેચન...

### શ્રીમદ્ સત્સંગિજીવન કથા

પૂ. સ્વામીશ્રી સુમધુર શૈલીમાં ગવાયેલ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્ય સહિત ભક્તિ યુક્ત તેમજ પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિના અદ્ભુત લીલાચરિત્રોથી સાથે સંપ્રદાયના સિદ્ધાંતોનો ગ્રંથ 'શ્રી સત્સંગજીવન કથા'નું ડી.વી.ડીમાં પ્રકાશન...




DVD, VCD, MP3

### વચનામૃત વિવેચન... વડતાલ પ્રકરણ

શ્રી સ્વા. સત્સંગ છાવણી - ૧૨ અંતર્ગત પૂ. સ્વામીશ્રીના મુખે ગવાયેલ શ્રીજીમહારાજની પરાવાણી વચનામૃતમાંથી વડતાલ પ્રકરણનું સચોટ અને સર્વોપરી નિષ્ઠા સભર વિવેચન...




DVD, VCD, MP3

## ચિંતન ગ્રાહકોને નમ્ર વિનંતી

વ્હાલા ગ્રાહક ભક્તજનો ! આપને આનંદની લાગણી સાથે જણાવવાનું કે સામાન્ય સ્થિતિ ધરાવતા ગ્રાહક હરિભક્તોના આગ્રહને વશ થઈને **બે વર્ષની લવાજમયોજના** ચાલુ કરવામાં આવી છે. તો ચાલો.... તેમનો લાભ લઈને જીવન ધન્યભાગી બનાવીએ... **બે વર્ષ લવાજમરૂા. ૧૬૦/-**

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

**પવિત્ર ધનુર્માસમાં સંતો-ભક્તોના દિવ્ય સંગમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના પાવનકારી ચરણથી અંકિત દક્ષિણ ભારતના પવિત્ર તીર્થધામોના દર્શન કરી જીવનને ધન્ય બનાવવાનો સોનેરી અવસર...!!!**

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી
નૂતન શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના ઉપક્રમે દક્ષિણ ભારતની ચતુર્થ



# શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા

| :: પ્રસ્થાન :: | :: ટીકીટ દર :: | :: કુલ દિવસ :: | :: આગમન :: |
|---|---|---|---|
| તા. ૩૧-૧૨-૦૭<br>માગશર વદ - ૮ | રૂા. ૧૧,૫૦૦/- | ૧૬ (સોળ) | તા. ૧૬-૧-૦૮<br>પોષ સુદ - ૭ |

સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી અને વડતાલ પીઠાધિપતિ **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા **પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ **પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે જ્યાં ભગવાન શ્રી સ્વામિનારાયણ નીલકંઠવર્ણી સ્વરૂપે વિચર્યા છે તે દક્ષિણ ભારતના તીર્થસ્થાનોની પાવનકારી યાત્રા અને ભગવાન શ્રી રામચંદ્રજીએ પધરાવેલ શ્રી રામેશ્વરમહાદેવ જ્યોતિર્લિંગ પવિત્ર ધામની યાત્રાનું નૂતન શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના ઉપક્રમે શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા 'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા'નું તા. ૩૧-૧૨-૦૭ માગશર વદ - ૮ થી તા. ૧૫-૧-૦૮ પોષ સુદ - ૭ સુધી આયોજન કરવામાં આવેલું છે.

આ યાત્રા પવિત્ર બ્રહ્મનિષ્ઠ સંતોના સાનિધ્યમાં સંપન્ન કરી જીવનને ધન્ય બનાવવાનો સોનેરી અવસર રખેને ચુકાય ન જાય !! આ યાત્રામાં પુરુષ ભક્તો અને સ્ત્રીભક્તો એમબંને લાભ લઈ શકશે. યાત્રાપ્રવાસ સ્પેશ્યલ ટ્રેન દ્વારા રાજકોટ તથા સુરત-મુંબઈથી પ્રસ્થાન કરી પુનઃ રાજકોટ આવી યાત્રાની પૂર્ણાહુતી કરશે.

**ટીકીટ દર :** ❖ યાત્રાપ્રવાસ-ભોજન તથા દર્શનની બસ વ્યવસ્થાના ખર્ચ સાથે ટીકીટનો દર એક ટીકીટના રૂા. ૧૧,૫૦૦ D બુકિંગ સમયે **રૂા. ૫,૫૦૦** ભરવાના રહેશે તથા બાકીના રકમટીકીટ દીઠ **રૂા. ૬,૦૦૦** યાત્રાપ્રવાસ ઉપડતા પહેલા ૩૦ દિવસે ભરી દેવાના રહેશે.

**યાત્રા વ્યવસ્થા :** યાત્રાપ્રવાસ રેલ્વેની સંપૂર્ણ સ્પેશ્યલ ટ્રેન દ્વારા આયોજીત કરેલ છે. જેમાં થ્રીટાયર સ્લિપર કલાસમાં દરેક યાત્રીકને સ્વતંત્ર સુવાની સગવડતા મળશે. તેમજ આરામથી બેસીને યાત્રાને માણી શકશે. અને યાત્રાપ્રવાસ દરમ્યાન ટ્રેનમાં યા તીર્થસ્થળોએ તીર્થમાહાત્મ્ય શ્રવણ તેમજ કથા-વાર્તાનો લાભ સંતોની અમૃતવાણી દ્વારા સંપૂર્ણ યાત્રાપ્રવાસમાં મળતો રહેશે.

**ભોજન વ્યવસ્થા :** કિચનકારથી સજ્જ સ્પેશ્યલ ટ્રેનમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા પ્રમાણે શુદ્ધ અને ગાળી-ચાળીને પવિત્રપણે ઠાકોરજીનો થાળ ધરીને બંને સમય સ્વાદિષ્ટ સાત્ત્વિક ભોજન તથા સવારે દૂધ-નાસ્તો પીરસવામાં આવશે. **ખાસનોંધ :** યાત્રાપ્રવાસમાં કોઈને પણ બજારું ખાદ્ય પદાર્થ યા ડુંગળી-લસણ વગેરે ચીજવસ્તુઓ ટ્રેનમાં લાવવા દેવામાં આવશે નહિ.

**દર્શન તથા વાહન વ્યવસ્થા :** ❖ રેલ્વે સ્ટેશનથી યાત્રાપ્રવાસ સૂચિના દર્શનીય સ્થાનોએ જવા આવવાના ખાસ સ્પેશ્યલ બસો વગેરે મુકવામાં આવશે. તે વાહન વ્યવસ્થાનો ટીકીટ ખર્ચમાં સમાવેશ થઈ જાય છે. ❖ ટીકીટમાં હોડી, ડોલી, ઘોડા, ટાંગા તથા જોવાલાયક સ્થળોની પ્રવેશ ફી વગેરેનો સમાવેશ થતો નથી. ❖ સ્થાનિક ટ્રાફીકના નિયમો પ્રમાણે બસનો પ્રવેશ માન્ય હશે ત્યાં સુધી જશે અને સાંકડા માર્ગો ઉપર બસ ન જઈ શકે ત્યાં ચાલીને કે પોતપોતાની રીતે જવાનું રહેશે.

**તા.ક.** જો કોઈ ભક્તજન આ ટ્રેનયાત્રામાં નામનોંધાવશે તેમને ૨૦૦૬માં યોજાયેલ 'ઉત્તર-પૂર્વ ભારતની ટ્રેનયાત્રા (ભાગ- ૧ થી ૬)' વી.સી.ડી. ભેટ આપવામાં આવશે.

**બુકિંગ માટે સંપર્ક :- ૧. શ્રી સ્વા.મંદિર - સરધાર,** ફો. ૦૨૮૧-૨૭૮૧૨૧૧, ૯૮૭૯૭૫૮૫૦૩. **૨. શ્રી સ્વા.મંદિર - ડોંબીવલી,** ફો. ૦૨૫૧-૨૪૫૩૮૭૫, ૨૪૨૦૬૮૦. **૩. શ્રી સ્વા.મંદિર - અમરેલી,** ફો. ૦૨૭૯૨ - ૨૨૦૫૦૧. **૪. શ્રી સ્વા.મંદિર - બગસરા-ખોપાળા,** ફો. ૦૨૭૯૬ - ૨૨૨૫૪૧, ૦૨૮૪૭-૨૮૨૦૩૭. **૫. શ્રી સ્વા.મંદિર - શ્રીજીનગર - સુરત,** ફો. ૯૮૭૯૭૫૮૫૧૩. **૬. શ્રી સ્વા.મંદિર - મલાડ,** ફો. ૦૨૨-૨૮૮૯૮૯૪૨. **૭. શ્રી સ્વા.મંદિર - બોરિવલી,** ફો. ૦૨૨ ૨૮૯૦૩૭૧૭. **૮. શ્રી સ્વા.મંદિર - વરજાંગ જાળિયા,** ફો. ૯૮૭૯૬ ૯૧૮૯૬. **૯. ધર્મવલ્લભ સ્વામી - વડતાલ,** ફો. ૯૮૨૫૧ ૩૪૧૦૮. **૧૦. મનસુખભાઈ દહિસર,** ફો. ૦૯૮૩૩૫ ૧૫૧૭૨. **૧૧. નાથાલાલ તથા ગોરધનભાઈ - અમદાવાદ,** ફો. ૯૯૨૫૦ ૪૯૧૦૮. **૧૨. ઈશ્વરભાઈ - અમદાવાદ,** ફો. ૯૯૨૫૦ ૪૪૧૦૮. **૧૩. દુર્લભજીભાઈ - નવસારી,** ફો. ૯૩૨૮૯ ૯૮૨૭૬. **૧૪. અશોકભાઈ વિદ્યાનગર,** ફો. ૯૮૭૯૭૫૮૫૧૪. **૧૫. કાંતિભાઈ તથા કરશનભાઈ - પુના,** ફો. ૦૯૪૨૨૦૦૮૧૬૪.



નાસિક



તિરૂપતિ બાલાજી



શિવકાંચી-વિષ્ણુકાંચી



ભૂતપૂરી



શ્રીરંગક્ષેત્ર



રામેશ્વર



કન્યાકુમારી

## :: દર્શનીય તીર્થસ્થળો ::

**નાસિક :-** ગોદાવરી સ્નાન, કુંભપર્વનું તીર્થધામ, શ્રી રામચંદ્રજીના વનવાસનું નિવાસ સ્થાન પંચવટી, સીતાગુફા, કાલારામમંદિર, ગોરારામમંદિર, તપોવન આશ્રમશ્રી સ્વામિનારાયણ મંદિર તથા મુક્તિધામ. (મહારાષ્ટ્ર રાજ્ય)

ત્રંબકેશ્વર જ્યોતિર્લિંગ :- બાર જ્યોતિર્લિંગમાં એકનમસ્થાન ધરાવતા ભગવાન શ્રી શિવશંકરના જ્યોતિર્લીંગ ત્રંબકેશ્વરના દર્શન. (મહારાષ્ટ્ર રાજ્ય)

**પંઢરપુર :-** ચંદ્રભાગા નદીમાં સ્નાન, ભગવાન શ્રી વિઠ્ઠલનાથજીનાં દર્શન, નીલકંઠવર્ણીનું પ્રસાદીનું સ્થાન. (મહારાષ્ટ્ર રાજ્ય)

**તિરૂપતિ બાલાજી :-** ભગવાન શ્રી તિરૂપતિ (લક્ષ્મીપતિ) બાલાજીનું ભવ્ય મંદિર, સુવર્ણના ઘુમ્મટવાળું ભારતનું જ નહિ પરંતુ વિશ્વભરનું સૌથી સમૃધ્ધ મંદિર, તિરૂમાલા પર્વત ઉપરનાં દર્શનીય સ્થાનો તથા તળેટીમાં શ્રી ગોંવિદરાજ મંદિર, નીલકંઠવર્ણીના વનવિચરણની પ્રસાદીસ્થાન વ્યંકટાદ્રિ. (આંધ્રપ્રદેશ રાજ્ય)

**મહાબલીપુરમ્ :-** આ સ્થાનમાં પાંચરથ, કૃષ્ણમંડપ, પાંડવ મંદિર, ધર્મરાજ મંડપ, વરાહ મંડપ અને સમુદ્ર કિનારે સીસોર મંદિર વગેરેમાં નમૂનાદાર પ્રાચીન શિલ્પકળાઓ જોવા મળે છે. (તામિલનાડુ રાજ્ય)

પક્ષીતીર્થ :- અનેક વર્ષોથી બપોરનું પ્રસાદભોજન જમવા આવતા દૈવીપક્ષી દર્શન, પર્વતની ટોચ ઉપર બપોરના દર્શન (તામિલનાડુ રાજ્ય)

**શિવકાંચી (વિષ્ણુકાંચી):-** કાંચીપુરમ્- દક્ષિણનું પવિત્ર તીર્થધામ, જુના સમયમાં નજીક નજીક વસેલા બે તીર્થધામશિવકાંચી તથા વિષ્ણુકાંચી, બંને જગ્યાએ દક્ષિણ શૈલીમાં ગોપુરમ્(ભવ્ય પાંચ માળના દરવાજાવાળું મંદિર). ગોપુરમ્ ઉપર ઈતિહાસ તથા જીવન દર્શન- રાજ દર્શન કરાવતું પુરાતન સ્થાપત્ય-પૂર્ત કલાનું નકશીકામ, દક્ષિણ ભારતનું નમુનેદાર શૈલીભર્યું ગામ. (તામિલનાડુ રાજ્ય)

**ભૂતપુરી :-** રામાનુજાચાર્યનું જન્મસ્થાન, વિશિષ્ટાદ્વૈત મત પ્રવર્તનનું મુખ્ય સ્થાન, શ્રી વૈષ્ણવ સંપ્રદાયનું મુખ્ય તીર્થધામતથા શ્રી નીલકંઠ વર્ણીના વનવિચરણનું પ્રસાદીનું સ્થાન.(તામિલનાડુ રાજ્ય)

**ત્રીચીના પલ્લી :-** દક્ષિણ ભારતનું ભવ્ય શહેર, ગણેશજીનું ભવ્ય મંદિર (પર્વત ઉપર શહેરમાં) તામિલનાડુ રાજ્ય.

**શ્રીરંગક્ષેત્ર :-** ભગવાન શ્રીરંગનાથજીનું ભવ્ય મંદિર તથા દક્ષિણ ભારતની ગંગા સમાન કાવેરી નદીનું પવિત્ર તીર્થ સરીતામાં સ્નાન, શ્રી રામાનુજાચાર્યનું દિવ્યદેહથી સદા પ્રત્યક્ષ સંનિધિ તેમજ શ્રી નીલકંઠ વર્ણીના વનવિચરણનું પ્રસાદીનું સ્થાન. (તૂમિલનાડુ રાજ્ય)

**રામેશ્વર :-** ભગવાન શ્રી શિવશંકરનું ભગવાન શ્રી રામચંદ્રજીએ પધરાવેલ જ્યોતિર્લીંગ, અતિ ભવ્ય મંદિર અને વિશાળ પરિક્રમા, ૨૪ કુપ સ્નાન, સ્ફટિક શિવલીંગ દર્શન, સમુદ્ર સ્નાન. શ્રી નીલકંઠ વર્ણીના વનવિચરણનું પ્રસાદીનું સ્થાન. (તામિલનાડુ રાજ્ય)

**કન્યાકુમારી :-** કુમારીકા ક્ષેત્રનું મહિમા સભર સ્થાન, ભારતનો દક્ષિણ દિશાનો સૌથી છેલ્લો છેડો, અરબી સમુદ્ર, હિંદ મહાસાગર તથા બંગાળાનો ઉપસાગર આ ત્રણ સમુદ્રનો ત્રિવેણી સંગમ, સ્વામી વિવેકાનંદ રોક. શ્રી નીલકંઠ વર્ણીના વનવિચરણનું પ્રસાદીનું સ્થાન. (તામિલનાડુ રાજ્ય)

**બેંગ્લોર :-** વિધાનસભા ભવન (બહારથી), હાઈકોર્ટ કબનપાર્ક, મ્યુઝિયમ, બુલ મંદિર, ટીપુ સુલતાન હવેલી, ઈસ્કોન મંદિર વગેરે... (કર્ણાટક રાજ્ય)

**મૈસુર :-** મહારાજા પેલેસ, મૈસુર ઈમ્પોરિયલ, ચામુંડા હીલ, શ્રીરંગ પટ્ટનમ્-ટીપુ સુલતાન મહેલ, શ્રીરંગ સ્વામી મંદિર, કૃષ્ણરાજ સાગર, વૃંદાવન ગાર્ડન વગેરે... (કર્ણાટક રાજ્ય)



## પધારો શ્રીજીમહારાજનું મહાન પ્રસાદિભૂત તીર્થધામ સરધાર...

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી ભગવાન શ્રી સ્વામિનારાયણે કરેલ શાકોત્સવની ઝાંખી કરાવતો

# ।। ભવ્ય શાકોત્સવ, સરધાર - ૨૦૦૭ ।।

**તા. ૨૩-૧૨-૨૦૦૭, માગશર સુદ - ૧૫ સમય :- સવારે ૮-૦૦ થી ૧-૦૦**

**પ્રયોજક :-** પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)

**સ્થળ :- 'શ્રી સ્વામિનારાયણ બાગ' સરધાર, તા.જી. ૫૮૫૦૩. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩**

---

**ચાલો ભાક્ષી ભંડારીયા ...** ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ **પધારો ભાક્ષી ભંડારીયા...**

ગઢપુરથી શ્રીજી મહારાજ સંતો-ભક્તોની સાથે દાદાખાચરની જાન લઈને ભટ્ટવદર જતા રસ્તામાં આવેલ ગામ ભંડારીયા (તા. રાજુલા)માં યોગમૂર્તિ સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીએ પધરાવેલ શ્રી હનુમાનજી મહારાજના સ્થાપનાનો

# ભવ્ય શતામૃત મહોત્સવ



શ્રી હરિકૃષ્ણ મહારાજ



શ્રી હનુમાનજી મહારાજ - ભંડારીયા



યોગમૂર્તિ સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી

-: વક્તા :-

પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)



-: પ્રારંભ :-
તા. ૨૬-૪-૦૮,
ચૈત્ર વદ - ૬

-: પૂર્ણાહુતિ :-
તા. ૪-૫-૦૮,
ચૈત્ર વદ - ૧૪



**નિમંત્રક :-** ભંડારીયા શ્રી હનુમાનજી દેવ મંદિર વતી શ્રી રણછોડભાઈ રમેશભાઈ સાવલીયા (આદસંગ)

**સ્થળ :-** મુ. ભાક્ષી ભંડારીયા, સાવરકુંડલા-રાજુલા રોડ, થોરડી ગામપાસે, તા. રાજુલા. જી. અમરેલી. મો. ૯૮૨૫૦ ૪૭૫૧૨

---

## પધારો શ્રીજીમહારાજનું મહાન પ્રસાદિભૂત તીર્થધામ સરધાર...

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા
પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી સરધારધામને આંગણે તૃતીય

# ।। શ્રી સ્વામિનારાયણ બાળ-યુવા મહોત્સવ ।।

-: પ્રારંભ :-
તા. ૨૨-૫-૦૮ વૈશાખ વદ -૨

-: પ્રયોજક :-
પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી
વડતાલ (હાલ-સરધાર)

-: પૂર્ણાહુતિ :-
તા. ૨૪-૫-૦૮ વૈશાખ વદ -૪

**સ્થળ :- 'શ્રી સ્વામિનારાયણ બાગ' સરધાર, તા.જી. ૫૮૫૦૩. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩**

Shree Swaminarayan Chintan, December -2007 Reg. No. GRJ - 517, Valid upto 31-12-08, RNI No. GUJGUJ10785/06/1/03 - TC






















## સોમનાથથી વલસાડ સુધી તા. ૨૯-૧૧-૦૭ થી ૩-૧૨-૦૭ સુધી યોજાયેલ ભવ્ય 'સર્વદર્શન શાંતિ યાત્રા - ૨૦૦૭'

નૂતન વર્ષમાં દક્ષિણ દેશના ભક્તજનોના જીવનમાં ગતવર્ષની રહેલી વિટંબણાઓ, મુંજવણો અને દુઃખ-દારિદ્રતાને દૂર કરી દરેકને સુખીયા કરે એવા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના તથા વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સાથે પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તેમજ પૂ. સંતો તથા હરિભક્તો સાથે ૧૫૦ વધારે મોટરકાર લઈને આ સર્વદર્શન શાંતિ યાત્રામાં સોમનાથથી વલસાડ સુધીના ભક્તજનોને દિવાળી તથા નૂતન વર્ષની અનેકોનેક મંગળકામનાઓ કરી શુભાશીર્વાદ પાઠવવા અને દર્શન દેવા પધાર્યા હતા તે પ્રસંગે અનેક સ્થળોએ સત્સંગ સભાઓનું આયોજન કરવામાં આવ્યું હતું: ૧. વેરાવળ (સોમનાથ) ૨. માણાવદર ૩. વિસાવદર ૪. અમરેલી ૫. સાવરકુંડલા ૫. રાજુલા ૬. મહુવા.

Shreeji Art (079) 26580916, 9879606686

Printed and Published by Swami Viraktswrupdasji on behalf of Shree Swaminarayan Temple - Sardhar and Printed at Sahajanand Press, 80 Feet Road, Rajkot. and Published from Shree Swaminarayan Temple - Sardhar, Dist-Rajkot - 360025. Editor - Sadhu Divyaswarupdas


1

2


3

4

5

6

7

8

9

10

11

## સોમનાથથી વલસાડ સુધી તા. ૨૯-૧૧-૦૭ થી ૩-૧૨-૦૭ સુધી યોજાયેલ ભવ્ય 'સર્વદર્શન શાંતિ યાત્રા - ૨૦૦૭'

નૂતન વર્ષમાં દક્ષિણ દેશના ભક્તજનોના જીવનમાં ગતવર્ષની રહેલી વિટંબણાઓ, મુંજવણો અને દુઃખ-દારિદ્રતાને દૂર કરી દરેકને સુખીયા કરે એવા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના તથા વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સાથે પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તેમજ પૂ. સંતો તથા હરિભક્તો સાથે ૧૫૦ વધારે મોટરકાર લઈને આ સર્વદર્શન શાંતિ યાત્રામાં સોમનાથથી વલસાડ સુધીના ભક્તજનોને દિવાળી તથા નૂતન વર્ષની અનેકોનેક મંગળકામનાઓ કરી શુભાશીર્વાદ પાઠવવા અને દર્શન દેવા પધાર્યા હતા તે પ્રસંગે અનેક સ્થળોએ સત્સંગ સભાઓનું આયોજન કરવામાં આવ્યું હતું : **૧. લીંબડી ૨. ધંધુકા ૩. આણંદ ૪. વડતાલ ૫. ઠાસરા ૬. ગોધરા ૭. દાહોદ ૮. ડભોઈ ૯. ભરુચ ૧૦. સુરત ૧૧. વલસાડ.**



**વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદથી તેમજ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં સોમનાથથી વલસાડ સુધી તા. ૨૯-૧૧-૦૭ થી ૩-૧૨-૦૭ સુધી યોજાયેલ ભવ્ય 'સર્વદર્શન શાંતિ યાત્રા - ૨૦૦૭'**

સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના તથા વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સાથે પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા સંતો તથા હરિભક્તો સાથે ૨૦૦ વધારે મોટરકાર લઈને નીકળેલ આ સર્વદર્શન શાંતિ યાત્રામાં પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સોમનાથથી વલસાડ સુધીના ભક્તજનોએ ઉંમગભેર અને દબાદેબપૂર્વક સ્વાગતપૂજન કર્યું હતું. : **૧. ઉમરેઠ ૨. ગોધરા ૩. ઘોઘંબા ૪. કાલોલ ૫. હાલોલ ૬. બોડેલી ૭. સિનોર ૮. વડોદરા ૯. પાદરા ૧૦. જંબુસર ૧૧. આમોદ. ૧૨. રાંદેર (સુરત)**
























## વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદથી તેમજ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં સોમનાથથી વલસાડ સુધી તા. ૨૯-૧૧-૦૭ થી ૩-૧૨-૦૭ સુધી યોજાયેલ ભવ્ય ‘સર્વદર્શન શાંતિ યાત્રા - ૨૦૦૭’

સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના તથા વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સાથે પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા સંતો તથા હરિભક્તો સાથે ૨૦૦ વધારે મોટરકાર લઈને નીકળેલ આ સર્વદર્શન શાંતિ યાત્રામાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની ભવ્ય શોભાયાત્રા સોમનાથથી વલસાડ સુધીના ભક્તજનોએ અતિ હર્ષોલ્લાસ સાથે અનેક ગામોમાં મુખ્ય માર્ગો ઉપર કાઢવામાં આવી હતી : ૧. વેરાવળ (સોમનાથ) ૨. વિસાવદર ૩. સાવરકુંડલા ૪. રાજુલા ૫. પાલીતાણા ૬. ગઢડા ૭. લાઠી ૮. સરધાર ૯. રાજકોટ ૧૦. આણંદ ૧૧. સુરત




**સોમનાથથી વલસાડ સુધી તા. ૨૯-૧૧-૦૭ થી ૩-૧૨-૦૭ સુધી યોજાયેલ ભવ્ય 'સર્વદર્શન શાંતિ યાત્રા - ૨૦૦૭'**

સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના તથા વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સાથે પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા સંતો તથા હરિભક્તો સાથે ૨૦૦ વધારે મોટરકાર લઈને નીકળેલ આ સર્વદર્શન શાંતિ યાત્રામાં પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સોમનાથથી વલસાડ સુધીના ભક્તજનોએ ઉંમગભેર અને દબાદેબપૂર્વક સ્વાગતપૂજન કર્યું હતું. : ૧. માળીયા (હાટીના) ૨. કેશોદ ૩. બગસરા ૪. જૂનાગઢ ૫. દાતરડી ૬. મહુવા ૭. વલ્લભીપુર ૮. ઢસા ૯. લાઠી ૧૦. બાબરા ૧૧. સોજીત્રા ૧૨. નડિયાદ




## સોમનાથથી વલસાડ સુધી તા. ૨૯-૧૧-૦૭ થી ૩-૧૨-૦૭ સુધી યોજાયેલ ભવ્ય 'સર્વદર્શન શાંતિ યાત્રા - ૨૦૦૭'

**નૂતન વર્ષમાં દક્ષિણ દેશના ભક્તજનોના જીવનમાં ગતવર્ષની રહેલી વિટંબણાઓ, મુંજવણો અને દુઃખ-દારિદ્રતાને દૂર કરી દરેકને સુખીયા કરે એવા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના તથા વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સાથે પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તેમજ પૂ. સંતો તથા હરિભક્તો સાથે ૧૫૦ વધારે મોટરકાર લઈને આ સર્વદર્શન શાંતિ યાત્રામાં સોમનાથથી વલસાડ સુધીના ભક્તજનોને દિવાળી તથા નૂતન વર્ષની અનેકોનેક મંગળકામનાઓ કરી શુભાશીર્વાદ પાઠવવા અને દર્શન દેવા પધાર્યા હતા તે પ્રસંગે અનેક સ્થળોએ સત્સંગ સભાઓનું આયોજન કરવામાં આવ્યું હતું : ૧. શાંતિનગર ૨. જેસર ૩. ગારિયાધાર ૪. ભાવનગર ૫. બોટાદ ૬. ગઢડા ૭. સરધાર ૮. અણિયાળા ૯. રાજકોટ.**



**ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રસન્નતાથી સ.ગુ. ઉપેન્દ્રાનંદ સ્વામીએ ગામપારીખામાં પધરાવેલા અતિ પ્રતાપી શ્રી કષ્ટભંજન દેવની સ્થાપનાનો વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષપદે ઉજવાયેલ 'સાર્ધ શતાબ્દી મહોત્સવ'**

૧. મહોત્સવના પ્રારંભમાં મંદિરમાં વિરાજમાન ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી ૨. શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજની આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૩. મહોત્સવ સભાસ્થાનમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો. ૪. વ્યાસપીઠ ઉપર પોથીજીને પધરાવતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૫. સુંદર કલાત્મક શોભાયમાન યુક્ત મહોત્સવ સ્ટેજ. ૬. ભક્તજનોને આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૭/૮/૯. મહોત્સવ અંતર્ગત યોજાયેલ કથાપારાયણ પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં પ્રથમદિવસે નીકળેલ ભવ્ય પોથીયાત્રા. ૧૦/૧૧/૧૨. પંચદિનાત્મક આ મહોત્સવનો નિત્ય લાભ લેતા કાનમપ્રદેશના હજારો ભક્તજનો.